તા.:૧૦ –૦૧ –૨૦૧૪ ની કારોબારી સમીતીની કાર્યનોંધ..

---

<u>કામ નં.–૧.</u>

<u>વિષય:–</u> ફા.એન્ડ લા.ક.ઠ.નં.–૧૩૩ / ૧૮–૧૦–૨૦૧૩ ની ભલામણ મુજબ, વોર્ડ નં.–૬ માં નારણદાસ રોડ પર આદિવાસી વિસ્તારમાં તથા કાપડીયા ચાલ સંતોષ એપાર્ટમેન્ટ સામે કંમ્પાઉન્ડમાં સ્ટ્રીટલાઈટના પોલ ઉભા કરી તેના પર સ્ટ્રીટલાઈટની સુવિધા આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ફા.એન્ડ લા.ક.ઠ.નં.–૧૩૩/ ૧૮–૧૦–૨૦૧૩ ની ભલામણ મુજબ, વોર્ડ નં.–૬ માં આવેલ નીચે જણાવેલ સ્થળો પર સ્ટ્રીટલાઈટની સુવિધા નહીં હોવાથી સદર સ્થળો પર સ્ટ્રીટલાઈટની સુવિધા આપવા માટે પોલ ઉભા કરી, તેનાં પર ફીકચર્સ મુકી સ્ટ્રીટલાઈટની સુવિધા આપવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧) નારણદાસ રોડ પર આદિવાસી વિસ્તારમાં | ૨–પોલ. |
| ૨) કાપડીયા ચાલ સંતોષ એપાર્ટમેન્ટ સામે કંમ્પાઉન્ડમાં | ૧–પોલ. |

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨.</u>

<u>વિષય:–</u> વો.વ. ક.ઠ.નં.૧૮૦ / તા.: ૨૭–૯–૨૦૧૩ ની ભલામણ મુજબ ભારત ઓઈલ મીલના પાછળનાં વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન નાંખવાનો કામનો વધારાનો ખર્ચ રૂા. ૩,૩૩,૪૭૬/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

વો.વ.ક.ઠ.નં.–૧૮૦ / ૨૭–૯ –૨૦૧૩ ની ભલામણ મુજબ, છીપવાડ ભરત ઓઈલ મીલના કંપાઉન્ડની પાછળનાં ભાગે નવી પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવાનાં કામે જ.બોર્ડ.ઠ.નં. –૧૪૬ / તા.:૩૦–૭–૨૦૧૩ થી રૂા. ૩,૭૫,૧૮૯ /– પુરાનો એસ્ટીમેઈટ મંજુર કરવામાં આવેલ છે સદરહું કામગીરીનો એસ્ટીમેઈટ સને ૨૦૧૧–૧૨ નાં મંજુર થયેલા ભાવથી બનાવવામાં આવેલ છે. સદર એસ્ટીમેઈટની રકમનું કામ સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં કામગીરી જ. બોર્ડની મંજુરતની અપેક્ષાએ કામગીરી કરવામાં આવેલ છે. જેથી સને ૨૦૧૨–૧૩ નાં વર્ષમાં પાઈપના ભાવમાં વધારો થયેલ હોવાથી મંજુર કરવામાં આવેલ એસ્ટીમેઈટની રકમ કરતાં વધુ ખર્ચ થવા જાય એમ છે. તો સદર વધારાના ખર્ચની રકમ રૂા. ૩,૩૩,૪૭૬/–અંકે રૂા.ત્રણ લાખ,તેત્રીસ હજાર,ચારસો છોતેર પુરા મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩.</u>

<u>વિષય:–</u> તીથલ રોડ વિસ્તારમાં આવેલ પહેલી ગલીમાં કાચા રસ્તાને પેવર બ્લોક રસ્તો બનાવવા – ૮૦ એમ.એમ.જાડાઈ ઈન્ટરલોકીંગ પેવર બ્લોક ફીટીંગ કરવાનો માલસામાન મજુરી સહિતનો જરૂરી ખર્ચ રૂા.૭,૫૧,૧૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, તીથલ રોડ વિસ્તારમાં આવેલ પહેલી ગલીમાં કાચા રસ્તાને પેવર બ્લોક રસ્તો બનાવવા ૮૦ એમ.એમ. જાડાઈ ઈન્ટરલોકીંગ પેવર બ્લોક ફીટીંગ કરવાનો માલસામાન મજુરી સહિતના જરૂરી ખર્ચનું એસ્ટીમેઈટ રૂા.૭,૫૧,૧૦૦/– અંકે રૂા. સાત લાખ, એકાવન હજાર, એકસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૪.</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાના એન. એસ. બી. માર્કેટના પૂર્વ બાજુની આવેલ કાચી કેબીન – જમીન રોકાણ દુર કરી, તેઓને વૈકલ્પિક જગ્યા ફાળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

..૨..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના એન.એસ.બી. માર્કેટના પૂર્વ બાજુ કેબીનના જમીન રોકાણ ધારકો (૧) શ્રી અનિલકુમાર પ્રહલાદભાઈ ગુપ્તા (૨) શ્રી પરમાત્માદ્દીન ડી.ગુપ્તા (૩) શ્રી અતુલ જમનાદાસ ઠકકરની કાચી કેબીનો બનાવી,ચ્હા–નાસ્તા પાનના ગલ્લાનો ધંધો કરે છે. હાલમાં સદર જગ્યાએ રંગ ઉપવન શોપીંગ સેન્ટરમાં માન.સ્વ.મોરારજી દેસાઈ મ્યુઝીયમ બની રહેલ છે. અને જેના પ્રવેશદ્વારમાંજ આ કાચી કેબીનો આવેલ છે. જેથી સદર જગ્યાની કેબીનો દુર કરી તેઓને ધંધાર્થે વૈકલ્પિક જગ્યા ફાળવવા માટેની રજુઆત માટે તા.:૯/૮/૨૦૧૩ ના રોજ અત્રેની કચેરીએ અરજદારો ચીફ ઓફીસરશ્રી સાથે સદર કામની મીટીંગ કરી જરૂરી ચર્ચા–વિચારણાઓ કરેલ હતી. જે ચર્ચા અન્વયે સદર કેબીન ધારકોનો ધંધાકીય હિત જળવાય રહે જેને માટે વૈકલ્પિક જગ્યા ફાળવવા બાબતનું કામ નીતી વિષયક હોઈ,જરૂરી ચર્ચાવિચારણાના અંતે ઉપરોકત જણાવેલ નામોવાળા કેબીન ધારકોને વૈકલ્પિક જગ્યા ફાળવવા બાબતે સ્થળસ્થિતી નકકી કરવા અંગેની જરૂરી સત્તા, ચેરમેનશ્રી, કારોબારી સમીતી ,તથા ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૫.

વિષયઃ– આરોગ્ય શાખામાં કાયમી વાલ્મીકી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા શ્રી દિપકભાઈ બી. વાલોદરાને સને–૨૦૧૨ ના વર્ષમાં ગેગરીન થતાં તેમના બન્ને પગો કાપી નાંખવામાં આવેલ હતાં.તેમણે સુરત તથા અમદાવાદ ખાતે સારવાર કરાવેલ જેના સારવારનું બીલ મેળવવા અંગે તા.:૪–૧–૨૦૧૩ ના રોજ મળેલ સમગ્ર સભાના ઠરાવ નં.:૧૩૩ થી તેમના તબીબી સારવારનું બીલ બાબતે સીવીલ સર્જનશ્રી,વલસાડનો અભિપ્રાય મેળવી ચુકવવાનું ઠરાવેલ છે. જે ઠરાવમાં સુધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં કાયમી વાલ્મીકી સુપરવાઇઝર તરીકે ફરજ બજાવે છે. તેમને સને ૨૦૧૨ ના વર્ષમાં ગેગરીન થતાં તેમના બન્ને પગો કાપી નાંખવામાં આવેલ હતાં. તેમણે સુરત તથા અમદાવાદ ખાતે કરાવેલ સારવારનું બીલ મેળવવા તા.:૨૮–૯–૨૦૧૩ ના રોજ અરજી કરેલ હતી. જે અનુંસંધાને નગરપાલિકાની તા.:૪/૧/૨૦૧૩ ના રોજ મળેલ સમગ્રસભાના ઠરાવ નંબર.:૧૩૩ થી તેમના તબીબી સારવારનું બીલ બાબતે સિવિલ સર્જનશ્રી, વલસાડનો અભિપ્રાય મેળવી ચુકવવાનું ઠરાવેલ છે.અગાઉ નગરપાલિકાના અન્ય કર્મચારીઓને તેમનું તબીબી સારવારનું બીલ સિવિલ સર્જન–વલસાડના અભિપ્રાય વગર ચુકવવામાં આવેલ છે જે અંગે ધ્યાને લઈ આરોગ્ય શાખામાં કાયમી વાલ્મીકી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી દિપકભાઈ બી. વાલોદરાને પણ અન્ય કર્મચારીઓની જેમ તબીબી સારવારનું બીલ ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૬.

વિષયઃ– નગરપાલિકાના કાયમી રેકર્ડને જાળવી રાખવા જેવા કે ઠરાવ બુકો,જન્મ રજીસ્ટર, મરણ રજીસ્ટર,મિલ્કત રજીસ્ટર, મેરેજ રજીસ્ટર, બારમાસિક હિસાબ, બાંધકામ પરવાનગી, બાંધકામ કંમ્પલીશન, આકારણી રજીસ્ટર વિગેરે કાયમી દસ્તાવેજોને ડીજીટલ મીડીયા ટ્રાન્સફર કરી ડી.વી.ડી. તૈયાર કરી હાર્ડડીસ્કમાં પ્રોગામ તૈયાર કરી અદ્યતન રાખવા અંગેની કામગીરી કરાવવાનો જરૂરી અંદાજીત ખર્ચ રૂા.૫/–(પાંચ) લાખ જેટલો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકાના કાયમી રેકર્ડને જાળવી રાખવા જેવા કે ઠરાવ બુકો , જન્મ રજીસ્ટર, મરણ રજીસ્ટર, મિલ્કત રજીસ્ટર, મેરેજ રજીસ્ટર, બારમાસિક હિસાબ, બાંધકામ પરવાનગી, બાંધકામ કંમ્પલીશન , આકારણી રજીસ્ટર વિગેરે કાયમી દસ્તાવેજોને ડીજીટલ મીડીયા ટ્રાન્સફર કરી ડી.વી.ડી. તૈયાર કરી હાર્ડડીસ્કમાં પ્રોગામ તૈયાર કરી અદ્યતન રાખવા માટે દરેક ખાતાઓમાંથી અંદાજો મંગાવવામાં આવેલ છે. જેમાં રેકર્ડ શાખા, એકાઉન્ટન્ટ શાખા, જન્મ–મરણ, બાંધકામ શાખા, વહીવટી શાખા, ભાડા વસુલાત શાખા, વિગેરે શાખાઓના આવેલ અંદાજો મુજબ સદર કામગીરી કરવાનો થનાર જરૂરી ખર્ચ અંદાજે રૂા. ૫/– લાખ જેટલો મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૩..

કામ નં.–૭.

વિષયઃ– **IHSDP** યોજનાના **F.P No.4** અને **11** માં આવાસ ફાળવણી અંગેની નિતી નકકી કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, **IHSDP** યોજનાના આવાસો જે હરીનગરી, અબ્રામા તથા નવીનગરી, અબ્રામા,વલસાડ ખાતે બનનાર હતા ત્યાંના રહીશો સાથે આ બાબતે રૂબરૂ તથા વલસાડ નગરપાલિકા કચેરીમાં મીટીંગ બોલાવવામાં આવતાં ત્યાંના રહીશો તરફથી તે જગ્યા ઉપર મકાન બનાવવાની ના પાડવામાં આવેલ.તેથી આ સ્થળના મકાનો વલસાડ નગરપાલિકાના **TP SCHEME-** ના **FP No.4**(ચાર) અને **11** (અગિયાર) મા બનાવવા બાબતનો ઠરાવ વલસાડ નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ નં. ૨૨૪/ તા.:૩૦–૧૦–૨૦૧૩ થી આ આવાસો પૈકીના ૧૨ (બાર) બહુમાળી પ્રકારના બ્લોકો બનાવવાનું ઠરાવવામાં આવેલ છે.

**F.P No.4** અને **11** વાળી જમીન ઉપર બનાવવામાં આવનાર છે તેના લાભાર્થીઓની યાદી હાલમાં વલસાડ નગરપાલિકા પાસે ઉપલબ્ધ નથી. આ આવાસો માટે લાભાર્થીઓ શોધવાના રહે છે. વલસાડ નગરપાલિકા હદમાં આવેલ **DP SCHEME** તથા **TP SCHEME** ના રસ્તાઓ પરનું દબાણ દુર કરવામાં આવે તો તેના રહીશોને પણ આવાસની સુવિધા પૂરી પાડવાની રહે છે. તથા આ માટે વલસાડ નગરપાલિકામાં ફોર્મ સાથે ભરવાની રહેતી ફી પણ નકકી કરવાની રહે છે. સદર બાબત નિતી વિષયક હોવાથી લાભાર્થીઓની યાદી કેવી રીતે સર્વે કરી બનાવવી, ફી કેટલી લેવી તથા ફાળવણીના ધોરણો પણ નકકી કરવાના રહે છે. ઉપરોકત આવેલ કામ નીતી વિષયક હોય,ના.સરકારશ્રી પાસે નવી જગ્યાની માંગણી કરવા અંગેની ધોરણસરની દરખાસ્ત કરવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

સ.મ.મંજુર..

કામ નં.–૮.

વિષયઃ– તા.: ૧૪–૯–૨૦૧૩ ના રોજ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા નિમિત્તે લાભાર્થીઓને માન.મુખ્ય મંત્રીશ્રીના સંદેશ કલર પ્રિન્ટ–લેમીનેશન – તેમજ કલર પેઈન્ટ પ્રમાણપત્રો વિગેરેની લેમીનેશન તથા લાભાર્થી કાર્ડ, વર્કીગ સ્ટાફ કાર્ડ, સંકલ્પ પ્રમાણપત્ર વિગેરે છાપકામ તેમજ ઝેરોક્ષ વિગેરે કામગીરી, હેપ્પી ઝેરોક્ષ–ડી.એન.શો.સેન્ટર,વલસાડ પાસે કરાવેલ જેઓનું આવેલ ખર્ચનું બીલ રૂા. ૩૮૦૦/– અંકે રૂા.ત્રણ હજાર,આઠસો પુરાનું ચુકવવાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,તા.:૧૪–૯–૨૦૧૩ ને શનીવારના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન શ્રીમતી આર.કે. પટેલ–માધ્યમીક શાળા – રોણવેલ ખાતે યોજાયેલ,જેના લાભાર્થીઓને માન. મુખ્ય મંત્રીશ્રીના સંદેશ કલર પ્રિન્ટ – લેમીનેશન – તેમજ કલર પેઈન્ટ પ્રમાણપત્રો –વિગેરેની લેમીનેશન તથા ઝેરોક્ષ તથા લાભાર્થી કાર્ડ, વર્કીગ સ્ટાફ કાર્ડ , સંકલ્પ પ્રમાણપત્ર વિગેરે વિગેરે છાપકામ તેમજ ઝેરોક્ષ વિગેરે કામગીરી , હેપ્પી ઝેરોક્ષ – ડી.એન.શો.સેન્ટર,વલસાડ પાસે કરાવેલ જેઓનું આવેલ ખર્ચનું બીલ રૂા. ૩૮૦૦/– અંકે રૂા.ત્રણ હજાર,આઠસો પુરાનું ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૯.

વિષયઃ– લાયબ્રેરીમાં અગાઉ ભેટમાં મળેલાં જુના પુસ્તકો ફાટી જવાથી જર્જરીત થયેલા હોય જે ચોપડેથી કમી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, લાયબ્રેરીમાં અગાઉ ભેટમાં મળેલાં જુનાં પુસ્તકો ફાટી જવાથી, જર્જરીત થયેલા છે. જે વાંચનમાં આવી શકે તેમ ન હોવાથી પરિગ્રહણ રજીસ્ટર ( એકસેસન રજીસ્ટર ) માંથી કમી કરવાપાત્ર છે. જે ઘ્યાને લઈ, ગ્રંથપાલ,શ્રી મ.ગાં.સા.પુ.વલસાડની યાદીમાં જણાવેલ પુસ્તકો કમી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, કમી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૪..

કામ નં.–૧૦.

વિષયઃ– વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર.: ૧, ૪, ૫,ના સ્લમ વિસ્તારમાં પે એન્ડ યુઝ બનાવવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના સ્લમ વિસ્તારમા પે એન્ડ યુઝો બનાવવા માટેની દરખાસ્ત નગરપાલિકાએ સે.જા. નં.: ૩૮૪૩ / તા.: ૨૯–૧૦–૨૦૧૦ થી ગુજરાત મ્યુનિ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરને કરેલ હતી સદર દરખાસ્ત ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ ગાંધીનગરે તેમની કચેરના દ.હુ. ક્રમાંક : મફબ / પે એન્ડ યુઝ / ૨૦૧૦ –૧૦ /૯૮૦૬ / તા.: ૨૮ / ૩ /૨૦૧૧ થી મંજુર કરી પ્રતિ બ્લોક દીઠ રૂા. ૪/– (ચાર) લાખ પ્રમાણે રૂા. ૨૪/– લાખની ગ્રાન્ટ ફાળવેલ હતી. જે ફાળવેલ ગાન્ટની રકમમાંથી નગરપાલિકાએ ૦૧ (એક) પે એન્ડ યુઝ બ્લોક વલસાડ પારડી ગુજરાતી સ્કુલ સામે બનાવેલ છે. બાકીના પે એન્ડ યુઝ બ્લોકો નીચે જણાવેલ વિસ્તારોમાં બનાવવાના બાકી છે. જે પબ્લીક શૌચાલયોની જગ્યાએ પે એન્ડ શૌચાલય બ્લોક બનાવવાની તાતી જરૂરીયાત હોઈ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી બનાવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) વોર્ડ નં.–૧ બંદરરોડ (ધડુચી તળાવ પાસે )
(૨) વોર્ડ નં.–૪ ના ભગવાનભાઈ માછીના ધર પાસે
(૩) વોર્ડ નં.–૪ ના માછીવાડ, કેરોસીન ડેપો પાસે,( મહંમદખાનવાળા)
(૪) વોર્ડ નં.–૪ નવા વાલ્મિકી વાસ
(૫) વોર્ડ નં.–૫ ( જુના વાલ્મિકી વાસ ).

સ.મ.મંજુર..

કામ નં.–૧૧.

વિષયઃ– પ.વ.ડી. ખાતામાં મજુર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી રમેશભાઈ ઉકડીયાભાઈ પટેલ તા.: ૩૦/૧૧ / ૨૦૧૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,પ.વ.ડી. ખાતામાં મજુર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી રમેશભાઈ ઉકડીયાભાઈ પટેલ તા.: ૩૦/૧૧ / ૨૦૧૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયેલ હોય, તેઓની નિવૃતી બાદ તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન, વિગેરેની નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૨,૨૧,૩૮૮/–
૨) રૂપાંતરીત પેન્શન રૂા.૧,૯૦,૯૫૩/–
૩) પેન્શન રૂા.૪૮૫૫/– + મળતાં અન્ય ભથ્થાઓ.

સ.મ.મંજુર..

કામ નં.–૧૨.

વિષયઃ– ઓકટ્રોઈ ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી હરીશભાઈ એમ. પટેલ, તા.: ૩૧/૧૨ / ૨૦૧૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થનાર હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ઓકટ્રોઈ ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી હરીશભાઈ એમ. પટેલ, તા.: ૩૧/૧૨ / ૨૦૧૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થનાર હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરની નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૩,૫૭,૮૦૮/–
૨) રૂપાંતરીત પેન્શન રૂા.૨,૩૬,૪૬૪/–
૩) પેન્શન રૂા.૫૮૫૫/– + મળતાં અન્ય ભથ્થાઓ.

સ.મ.મંજુર..

..૫..

કામ નં.–૧૩.

વિષયઃ– હોસ્પીટલ ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી ધનસુખ ચુનીલાલ ભાવસાર,તા.: ૩૧/ ૧૨ / ૨૦૧૩ ના રોજ વયમર્યાદાના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, હોસ્પીટલ ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી ધનસુખ ચુનીલાલ ભાવસાર, તા.: ૩૧/૧૨ / ૨૦૧૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થનાર હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરની નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૪,૫૮,૭૩૬/–

૨) રૂપાંતરીત પેન્શન રૂા.૨,૯૬,૭૫૪/–

૩) પેન્શન રૂા.૭૫૪૫/– + મળતાં અન્ય ભથ્થાઓ.

સ.મ.મંજુર..

કામ નં.–૧૪.

વિષયઃ– ઓકટ્રોઈ ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી રમણીક. આઈ. શાહ, તા.: ૩૦/૯ / ૨૦૧૩ ના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ઓકટ્રોઈ ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી રમણીક. આઈ. શાહ, તા.: ૩૦ /૯ / ૨૦૧૩ ના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરની નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૨,૮૩,૧૨૧/–

૨) રૂપાંતરીત પેન્શન રૂા.૨,૮૫,૧૨૪/–

૩) પેન્શન રૂા.૬૮૪૫/– + મળતાં અન્ય ભથ્થાઓ.

સ.મ.મંજુર..

કામ નં.–૧૫.

વિષયઃ– ફુડ ખાતામાં ફુડ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી નયન. બી. શેઠ,તા.: ૩૧/૮/ ૨૦૧૩ ના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ફુડ ખાતામાં ફુડ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી નયન. બી. શેઠ, તા.: ૩૧ /૮ / ૨૦૧૩ ના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરની નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૭, ૯૦,૦૨૦/–

૨) રૂપાંતરીત પેન્શન રૂા.૫,૧૪,૮૦૬/–

૩) પેન્શન રૂા. ૧૨૬૦૦/– + મળતાં અન્ય ભથ્થાઓ.

સ.મ.મંજુર..

કામ નં.–૧૬.

વિષયઃ– પ.વ.ડી. ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી સુભાષ. સી.મોદી,તા.: ૩૧/ ૧૨ / ૨૦૧૩ ના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી,રૂપાંતરીત પેન્શન વિગેરે રકમની ચુકવણી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

..૬..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, પ.વ.ડી. ખાતામાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી સુભાષ. સી. મોદી, તા.: ૩૧ / ૧૨ / ૨૦૧૩ ના રોજ નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છીક નિવૃતી લીધેલ હોય, તેઓની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની નીચે જણાવ્યા મુજબની રકમ ચુકવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ગ્રેજયુટી રૂા.૪,૯૫,૯૫૭/–
૨) રૂપાંતરીત પેન્શન રૂા.૩,૨૫,૪૬૨/–
૩) પેન્શન રૂા. ૭૯૧૦/– + મળતાં અન્ય ભથ્થાઓ.

સ.મ.મંજુર..

કામ નં.–૧૭.

વિષયઃ–નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલમાં ડ્રેસર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી ધનસુખ સી.સુરતીની તા.:૩૦–૧૧–૨૦૧૩ની આવેલ અરજીમાં જણાવ્યા પ્રમાણે તા.:૨૮–૦૨–૨૦૧૪ થી ફરજમાંથી, અંગત કારણોસર નોકરીમાંથી સ્વૈચ્છીક નિવૃત્તીની માંગણી કરેલ છે. જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલમાં ડ્રેસર તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી ધનસુખ સી. સુરતી, વલસાડ નગરપાલિકામાં તા.: ૧૨–૦૨–૧૯૮૨ થી કાયમી ડ્રેસર તરીકે ફરજ બજાવે છે. તેમણે તા.:૩૦–૧૧–૨૦૧૩ ના રોજ વલસાડ નગરપાલિકાને કરેલ અરજી મુજબ તા.:૨૮/૦૨/૨૦૧૪ થી ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતી માંગતી અરજી કરેલ છે.

સ્વૈચ્છિક નિવૃત્તિ અંગે બી.સી.એસ.આર. જોગવાઈ ( ભાગ–૧,૧૩.૦ સ્વૈચ્છિક નિવૃત્તિ ૨૫ વર્ષની નોકરી પછીની –૧૩.૨) તથા " નાણાં વિભાગના તા.:૦૩–૦૨–૧૯૭૮ ઠરાવમાં જણાવેલ ૧૩(૧) (૨) મુજબ ૨૫ વર્ષની પેન્શન પાત્ર નોકરી પૂર્ણ કર્યા પછી કર્મચારી ગમે ત્યારે સ્વૈચ્છિક રીતે –ત્રણ માસની નોટીશ આપ્યા પછી નિવૃત્ત થઈ શકે છે અને આવા કર્મચારીને નિવૃત્તિના તમામ લાભો આપવાપાત્ર થાય છે. તેઓની કુલ પેન્શનપાત્ર નોકરી ૩૨(બત્રીસ) વર્ષ થવા જાય છે. આ જોગવાઈઓ મુજબ તેઓની કુલ નોકરીનો સમયગાળો ૩૨(બત્રીસ) વર્ષ ઉપર થવા જાય છે. તે જોતાં અરજદાર સ્વૈચ્છીક નિવૃત્તી લેવા હકકદાર હોય,ઉપરોકત બાબતો ધ્યાને લઈ, તેમની તા.:૩૦–૧૧–૨૦૧૩ની અરજીમાં જણાવ્યા મુજબ, તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા તેઓની સ્વૈચ્છીક નિવૃતી બાદ, તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન, વિગેરે ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

કામ નં.–૧૮.

વિષયઃ–વલસાડ નગરપાલિકા માલીકીના તરીયાવાડ, વલસાડ ખાતે તેમજ મોગરાવાડી,વલસાડ ખાતે કોમ્યુનીટી હોલ બનાવવામાં આવેલ છે. સદર બન્ને કોમ્યુનીટી હોલના વપરાશ કરવા માટેની ફી (ચાર્જીસ) તથા નિતિ નિયમો, શરતો નકકી કરવાની થાય છે.જે બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા માલીકીના તરીયાવાડ, વલસાડ ખાતે તેમજ મોગરાવાડી, વલસાડ ખાતે કોમ્યુનીટી હોલ બનાવવામાં આવેલ છે. સદર બન્ને કોમ્યુનીટી હોલનું લોકાર્પણ પણ તા.:૧/૧૨/૨૦૧૩ ના રોજ મા. ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, વલસાડ મા. ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઈ, પારડી. વલસાડ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી સોનલબેન તેજશભાઈ સોલંકી ( જૈન) તથા અન્ય સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં થયેલ છે. સદર કોમ્યુનીટી હોલના વપરાશ ધાર્મીક કામે / સામાજીક કામે જે તે વિસ્તારના રહીશો ધ્વારા કોમ્યુનીટી હોલના વપરાશ કરવા માટે માંગણી કરતી અરજીઓ નગરપાલિકા કચેરીએ આવે છે. તો સદર બન્ને કોમ્યુનીટી હોલના વપરાશ કરવા માટેની ફી (ચાર્જીસ) તથા નિતિ નિયમો, નીચે જણાવ્યા પ્રમાણેના નકકી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

શરતો.:

૧) ડીપોઝીટ પેટે દિન–એક માટે રૂા. ૧૦૦૦–૦૦ એડવાન્સ જમા કરાવવાના રહેશે.
૨) ચાંલ્લા વિધી, જેવાં નાના પ્રંસગો માટે(ત્રણ કલાક સુધીના ) રૂા.૫૦૦– + લાઈટ બીલ અલગથી જમા કરાવવાના રહેશે.
૩) હોલ ભાડા એક દિવસના રૂા.૭૫૦/–+ લાઈટ બીલ અલગથી જમા કરાવવાના રહેશે.
૪) પ્રસંગની શરૂઆતના સમયથી પ્રસંગ પૂર્ણ થાય ત્યાં સુધીમાં ઈલેકટ્રીક મીટરના જેટલાં યુનિટનો વપરાશ થયો હોય તે દર યુનિટના રૂા.૧૧/– લેખેનો ચાર્જ ભરવાનો રહેશે.
૫) હોલની સાફ સફાઈ વિગેરે હોલ ભાડે રાખનાર અરજદારશ્રીએ કરાવવાની રહેશે. તેમ કરવામાં કસુર થશે તો સફાઈ ખર્ચ રૂા. ૨૦૦/– આપવાનો રહેશે.

..૭..



૬) અનિવાર્ય સંજોગોમાં હોલનું બુકીંગ કેન્સલ કરાવશો તો ડીપોઝીટમાંથી ૨૫% રકમ કપાત કરવામાં આવશે.

૭) હોલ ભાડે રાખનાર પાર્ટીએ પોતાની કિંમતી વસ્તુઓની જવાબદારી પોતે રાખવાની નોંધ લેવી જે જોખમી વસ્તુઓ ગુમ થાય અગર ચોરી થઈ જાય તેની જવાબદારી નગરપાલિકાની રહેશે નહીં. જેની અચુક નોંધ લેવી.

૮) લગ્ન પ્રસંગમાં વાર્જીત્ર વરઘોડા ફેરવવાની પરવાનગી સીટી પોલીસ,મામલતદારશ્રી ધ્વારા પ્રાંત અધિકારી પાસે લેવાની રહેશે. જેની ઝેરોક્ષ કોપી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

૯) હોલ વપરાશ અંગે આપેલી પરવાનગી કોઈપણ કારણ આપ્યા સિવાય, કોઈપણ વખતે રદ કરવા પ્રમુખશ્રી / ચીફ ઓફીસરશ્રીને અધિકાર રહેશે. તે માટે કોઈપણ નુકશાની મળી શકશે નહીં અને કારણ પણ દર્શાવવામાં આવશે નહીં.

૧૦) પ્રોગ્રામ દરમ્યાન માઈક્રોફોન, લાઉડ સ્પીકર વિગેરે કોઈપણ ઈસમને હરકતરૂપ નહીં થાય તે પ્રમાણે ગોઠવણ કરવી.

૧૧) હોલમાં સામાજીક હીત વિરુધ્ધની કોઈપણ સભા કે પ્રવૃત્તિ માટે ઉપયોગ કરવા દેવામાં આવશે નહીં.

૧૨) હોલ વપરાશ દરમ્યાન આવતી જતી બેસતી કોઈપણ વ્યકતી કે તેમના જાનમાલને કોઈપણ નુકશાન ઈજા વિગેરે થાય તો તેની જવાબદારી નગરપાલિકાની નથી પણ હોલ ભાડે રાખનારની રહેશે.

૧૩) આ ઉપરાંત નિયમોમાં કે શરતોમાં સુધારા–વધારા કે ફેરફાર કરવા પ્રમુખશ્રી / ચીફ ઓફીસરશ્રીને અબાધિત હકક રહેશે.

<u>કામ નં.–૧૯.</u> સ.મ.મંજુર..

<u>વિષયઃ–</u> વારીગૃહ શહેર અન્ડરગ્રાઉન્ડ સમ્પમાં જી.ઈ.બી.ના કનેકશન(ઈનકમીંગ) માટે જરૂરી સીમેન્સ કંપનીના ફયુઝ સેટ–૩, ૪૧૫–એમ્પીયર નવા ખરીદ કરેલ જે ખર્ચ રૂા. ૪૭૭૦/–પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વારીગૃહ શહેર અન્ડરગ્રાઉન્ડ સમ્પમાં જી.ઈ.બી.ના કનેકશન(ઈનકમીંગ) માટે જરૂરી સીમેન્સ કંપનીના ફયુઝ સેટ–૩, ૪૧૫ એમ્પીયરના નવા ખરીદ કરેલ, જે અંગેનો ખર્ચ રૂા. ૪૭૭૦/–અંકે રૂા. ચાર હજાર, સાતસો, સીતેર પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૦.</u>

<u>વિષયઃ–</u>વારીગૃહ શહેર મદનવાડ બુસ્ટરપંપના સ્ર્ટાટર માટે જરૂરી **L & T** કંપનીનો ઈલે.માલસામાન ખરીદ કરેલ જે અંગેનો ખર્ચ રૂા. ૨૯૫૨/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે ખરીદ કરેલ,વારીગૃહ શહેર મદનવાડ બુસ્ટરપંપના સ્ર્ટાટર માટે જરૂરી **L & T** મેઈકના ઈલે.માલસામાન ખરીદ કરેલ, જે અંગેનો ખર્ચ રૂા.૨૯૫૨/–અંકે રૂા. બે હજાર, નવસો બાવન પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૧.</u>

<u>વિષયઃ–</u>વારીગૃહ વાલીયા ખાતે આવેલ પંપ હાઉસ કે જેના વડે મોગરાવાડી ટાંકી અને અબ્રામા ટાંકી ભરવામાં આવે છે. તથા જરૂરીયાત મુજબનો ઈલેકટ્રીક સામાન ખરીદ કરેલ જે અંગેનો ખર્ચ રૂા. ૧૯૫૦૦/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વારીગૃહ વાલીયા ખાતે આવેલ પંપ હાઉસ કે જેના વડે મોગરાવાડી ટાંકી અને અબ્રામા ટાંકી ભરવામાં આવે છે. તથા જરૂરીયાત મુજબનો ઈલેકટ્રીક સામાન ખરીદ કરેલ જે અંગેનો ખર્ચ રૂા. ૧૯૫૦૦/– પુરા મંજુર કરવા અંકે રૂા.ઓગણીસ હજાર, પાંચસો પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૨.</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ વાલીયા ખાતે મુકવામાં આવેલ પંપ હાઉસમાં મોટરને અને પંપને જોડતી કપલીન માટે જરૂરીયાત મુજબની સાઈઝના રબરબુશ અને સ્ટડ ખરીદ કરેલ જે અંગેનો ખર્ચ રૂા. ૧૦૨૦૦/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વારીગૃહ વાલીયા ખાતે મુકવામાં આવેલ પંપ હાઉસમાં મોટરને અને પંપને જોડતી કપલીન માટે જરૂરીયાત મુજબની સાઈઝના રબરબુશ અને સ્ટડ ખરીદ કરેલ જે અંગેનો ખર્ચ રૂા. ૧૦૨૦૦/– અંકે રૂા. દશ હજાર, બસો પુરા મંજુર કરવા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૩.</u>

<u>વિષયઃ–</u>મોગરાવાડી ઝોન વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ આદીવાસી વિસ્તાર હોય પાણી ભરવા માટે જાહેર સ્ટેન્ડપોસ્ટની સગવડ ન હોય ૧૫એમએમ ગેલ્વે પાઈપ એસીયન સીકલાસ વિગેરે માલસામાન ખરીદ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનો થનાર ખર્ચ રૂા. ૨૩૫૦૦/– પુરા મંજુર કરવા બાબત..

..૮..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, મોગરાવાડી ઝોન વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ આદીવાસી વિસ્તાર હોય પાણી ભરવા માટે જાહેર સ્ટેન્ડ પોસ્ટની સગવડ ન હોય ૧૫ એમએમ ગેલ્વે પાઈપ એસીયન સીકલાસ વિગેરે જુદોજુદો માલસામાન ખરીદ કરવાની જરૂરીયાત હોય, જે અંગેનો થનાર ખર્ચ રૂા. ૨૩૫૦૦/– અંકે રૂા.ત્રેવીસ હજાર, પાંચસો પુરા મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

કામ નં.–૨૪.

વિષયઃ– વલસાડ નગરપાલિકાનો સને. ૨૦૧૩–૨૦૧૪ નો તા.:૦૧–૦૪–૨૦૧૩ થી તા.: ૩૦–૦૯–૨૦૧૩ સુધીનો છમાસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૧૩–૨૦૧૪ નો તા.:૦૧–૦૪–૨૦૧૩ થી તા.: ૩૦–૦૯–૨૦૧૩ સુધીનો છમાસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

કામ નં.–૨૫.

વિષયઃ– વલસાડના મોગરાવાડી, વિસ્તારના જલારામ નગરીના તથા દસ છાપરીના રહીશોના આવાસ ફાળવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડના મોગરાવાડી, વિસ્તારના જલારામ નગરી તથા દસ છાપરીના રહીશોને નામદાર સરકારશ્રીની આવાસ યોજના હેઠળ આવાસ બનાવી આપવાના છે. હાલમાં જલારામ નગરી તથા દસ છાપરીના રહીશો આજ જમીનમાં રહેતા આવેલ છે. તથા જલારામ નગરી તથા દસ છાપરી રહીશોને જ આ યોજના હેઠળ બનનારા આવાસોની ફાળવણી કરવામાં આવનાર છે. જે હીકકતોથી વિદીત થતાં ના.સરકારશ્રીની આવાસ યોજના હેઠળ જે આવાસો બનાવવામાં આવનાર છે.તે હાલે ઉપરોકત જમીનમાં વસવાટ કરતાં જલારામ નગરી તથા દસ છાપરીના રહીશોનો, નગરપાલિકા તરફથી સર્વે કામ તેમજ ફોટોગ્રાફી કરાવેલ છે.તેમજ જે રહીશોના લોકફાળાની રકમ ભરાયેલ છે. તેવા અરજદારોને જ આવાસની ફાળવણી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

કામ નં.–૨૬.

વિષયઃ– સરકારશ્રીની **IHSDP** યોજના માટેના મકાનો બનાવવા માટેની જગ્યા ફાળવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નામદાર સરકારશ્રીની **IHSDP** યોજના હેઠળ ૬૬૪ આવાસ તથા ૨૬૨ આવાસના ટેન્ડરો મંજુર કરવામાં આવેલ છે, જે પૈકી મોગરાવાડી ખાતે બનાવવામાં આવનાર ૨૬૨ આવસ પૈકી હાલમાં ૬૦ + ૧૪ = ૭૪ આવસ માટેની જગ્યા ૫૨ હયાત સ્લમનું ડીમોલીશન કરી કોન્ટ્રાકટરને જગ્યા ફાળવવામાં આવેલ છે., જેનું ખાત મૂહર્ત તા.: ૧૪/૧૨/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ, તથા ત્યારબાદ ખોદાણની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે,

આ યોજના પૈકીના ૬૬૪ આવાસો જે પૈકી ૫૪૪ આવાસ નવીનગરી અબ્રામા તથા ૧૨૦ આવાસ હરીનગરી અબ્રામા ખાતે આવેલ છે, ત્યાંના રહીશો તરફથી આ યોજનામાં મકાનો બનાવવા માટે જોડાવાની ના પાડવામાં આવેલ છે, જેથી આ જગ્યાની આવાસ બનાવવા માટે ફાળવણી કરી શકાય એમ નથી. આ બાબતે વલસાડ નગરપાલિકાના તીથલ રોડ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ–૨ ના એફ.પી.નંબર.:૪ તથા ૧૧ માં આવાસો બનાવવા અંગેનો રીપોર્ટ તથા સામાન્ય સભામાં આ અંગે ઠરાવ કરવામાં આવેલ, પરંતુ આ પ્લોટોનું લેવલીંગની કામગીરી ચાલુ કરવામાં આવતા સ્થાનીક રહીશો તથા તે વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ વાંધો ઉભો કરી કામગીરી બંધ કરાવેલ, સદર બાબત નિતિવિષયક હોવાથી આ અંગે આગળ કયા પ્રકારની કામગીરી કરવી તથા આ કામની સમય મર્યાદા એક વર્ષની છે, તથા આ યોજનાના કોન્ટ્રાકટર તરફથી આ યોજનાના બાકી રહેતા આવાસોની જમીન ફાળવણી કરવા માટે તા.:૧૬/૧૨/૨૦૧૩ થી લેખીત પત્ર અત્રેની કચેરીને લખેલ છે. સદર બાબતો નીતીવિષયક હોય, આ અંગેની જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર.. ..૯..



કામ નં.–૨૭.

<u>વિષયઃ–</u> મે.કલેકટરશ્રી,વલસાડના આવેલ પત્ર નં.એસીબી / એમયુએન / વશી ૨૫૩૪ /૧૩ / તા.:૧૮/૧૨/૨૦૧૩ થી જણાવ્યા મુજબ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.:૧–૧૧–૨૦૧૩ ના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ જાહેરનામાથી આઈસોલેટેડ વિસ્તારનો વલસાડ નગરપાલિકામાં સમાવેશ થવા બાબતના આવેલ પત્રની નોંધ લઈ જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, મે.કલેકટરશ્રી,વલસાડના આવેલ પત્ર નં.એસીબી / એમયુએન / વશી ૨૫૩૪ /૧૩ / તા.:૧૮/૧૨/૨૦૧૩ થી જણાવ્યા મુજબ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.:૧–૧૧–૨૦૧૩ ના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ જાહેરનામામાં નીચે જણાવેલ સર્વે નંબરોવાળા આઈસોલેટેડ વિસ્તારનો વલસાડ નગરપાલિકામાં સમાવેશ થવા બાબતના આવેલ પત્રની નોંધ લઈ, અમલવારી કરવા જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**SCHEDULE.**

| SURVEY NO. | AREA(s.q) | SURVEY NO | AREA(s.q) |
|---|---|---|---|
| 2174-A | 74.37 | 2195 | 96.99.11 |
| 2174-B | 27.64 | 2196 | 739.97.50 |
| 2175-A | 91.15 | 2197 | 128.76.40 |
| 2175-B | 61.03 | 2198 | 122.07.50 |
| 2176 | 91.13.82 | 2199 | 119.56.66 |
| 2177 | 66.89.04 | 2200 | 100.33.56 |
| 2178-A | 93.64.66 | 2201 | 147.99.50 |
| 2178-B | 60.20.13 | 4440 | 1466.09 |
| 2179 | 45.15.10 | 4441 | 250.06 |
| 2180 | 52.67.61 | 4442 | 599.42 |
| 2181 | 54.34.84 | 4443 | 587.31 |
| 2182 | 35.11.74 | 4444 | 1906.06 |
| 2183 | 738.30.27 | 4456 | 1311.50 |
| 2184 | 457.36.71 | 4458 | 39.30 |
| 2185 | 1077.77.15 | 4459 | 65.50 |
| 2186 | 102.00.79 | TOTAL | 13055.58.63 |
| 2187-A | 108.48.09 | | |
| 2187-B | 97.79.06 | | |
| 2187-C | 113.96.62 | | |
| 2188 | 394.65.37 | | |
| 2189 | 195.65.44 | | |
| 2190 | 215.72.15 | | |
| 2191 | 231.60.80 | | |
| 2192 | 234.95.25 | | |
| 2193 | 110.36.92 | | |
| 2194 | 542.64.84 | | |

સ.મ.મંજુર..

..૧૦..

<u>કામ નં.–૨૮</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાંથી ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ જમ્બો ઝેરોક્ષ ફેકસ વિગેરે તા.:૧–૩–૨૦૧૩ થી તા.:૨૮–૬–૨૦૧૩ સુધીના પીરીયડમાં હેપ્પી ઝેરોક્ષ, ડી.એન.શો.સેન્ટર,વલસાડ પાસે કરાવેલ જે અંગેનો આવેલ બીલ રૂા. ૧૨,૭૫૮/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાંથી જુદા જુદા કામોના કાગળોની ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ, જમ્બો ઝેરોક્ષ ફેકસ વિગેરે કામગીરી, તા.: ૧–૩–૨૦૧૩ થી તા.:૨૮–૬–૨૦૧૩ સુધીના પીરીયડમાં, હેપ્પી ઝેરોક્ષ, ડી.એન.શો. સેન્ટર, વલસાડ પાસે કરાવેલ જે અંગેના આવેલ ખર્ચ રૂા. ૧૨,૭૫૮/– અંકે રૂપિયા બાર હજાર, સાતસો અઠ્ઠાવન પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૯.</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાંથી ચલનો, વાવચરો,પરીપત્રો વિગેરેની ઝેરોક્ષ,તા.:૧–૭–૨૦૧૩ થી તા.:૩૦–૧૦–૨૦૧૩ સુધીના પીરીયડમાં હેપ્પી ઝેરોક્ષ, ડી.એન.શો.સેન્ટર,વલસાડ પાસે કરાવેલ જે અંગેનું આવેલ બીલ રૂા. ૩૧,૭૮૬/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વહીવટી શાખામાંથી જુદા જુદા કામોના ચલનો, વાવચરો, પરીપત્રો વિગેરેની ઝેરોક્ષ, વિગેરે કામગીરી, તા.: ૧–૭–૨૦૧૩ થી તા.:૩૦–૧૦–૨૦૧૩ સુધીના પીરીયડમાં, હેપ્પી ઝેરોક્ષ, ડી.એન.શો. સેન્ટર, વલસાડ પાસે કરાવેલ જે અંગેના આવેલ ખર્ચ રૂા. ૩૧,૭૮૬/– અંકે રૂપિયા એકત્રીસ હજાર, સાતસો છયાંસી પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૦.</u>

<u>વિષયઃ–</u> વ.ન.પા. ધ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (મોડેલ ટાઉન) ઘટક હેઠળ આગવી ઓળખ ઉભી કરવાના હેતુ અન્વયે મોરારજી દેસાઈ મ્યુઝિયમનું નિર્માણ (સીવીલ વર્ક ) કાર્ય પૂર્ણ કરેલ છે. સદરહું હોલમાં સ્ટેજ ઉપરની લાઈટીંગ કરવાની પણ જરૂરીયાત હોય,લાઈટીંગ અંગેની જરૂરી ચીજવસ્તુ ની ખરીદ કરવા તથા તેના ઈન્સ્ટોલેશન માટે બનાવવામાં આવેલ એસ્ટીમેઈટ રૂા. ૧૦,૪૭,૦૦૦/–પુરાનો જરૂરી ખર્ચ મંજુર કરવા અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડ ધ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (મોડેલ ટાઉન) ઘટક હેઠળ આગવી ઓળખ ઉભી કરવાના હેતુ અન્વયે મોરારજી દેસાઈ મ્યુઝિયમનું નિર્માણ (સીવીલ વર્ક ) કાર્ય પૂર્ણ કરેલ છે. સદરહું મ્યુઝિયમની સાથે એક અદ્યતન સુવિધાવાળા હોલનું પણ નિર્માણ (સીવીલ વર્ક ) કરવામાં આવેલ છે. સદરહું હોલમાં સ્ટેજ, બેસવા માટે ખુરશીઓ વિગેરેની સાથે સ્ટેજ ઉપરની લાઈટીંગ કરવાની પણ જરૂરીયાત હોય,લાઈટીંગ અંગેની જરૂરી ચીજવસ્તુ ની ખરીદ કરવા તથા તેના ઈન્સ્ટોલેશન માટે બનાવવામાં આવેલ એસ્ટીમેઈટ રૂા. ૧૦,૪૭,૦૦૦/– અંકે રૂા. દશ લાખ, સુડતાલીસ હજાર પુરાનો જરૂરી ખર્ચ મંજુર કરી, સદર કામગીરી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૧.</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના ઈ.પીએબીએકસ ઈન્ટરકોમ સીસ્ટમનો વાર્ષીક ભાડાનો ઈજારો સને ૨૦૧૩–૧૪ નો તા.:૦૧–૦૯–૨૦૧૩ થી તા.:૩૧–૦૮–૨૦૧૪ ના પીરીયડ માટે રીન્યુ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

..૧૧..



<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા કચેરીમાં જુદા જુદા શાખાઓમાં રાખવામાં આવેલ ઈન્ટરકોમ ફોનની સુવિધા કાર્યરત રાખવા માટે મેનટેનન્સ કામે ટેલીટોક વલસાડ ધ્વારા કામગીરી કરાવવામાં આવે છે. હાલમાં કચેરીના ઈન્ટરકોમ ૧૯ + ૧૨ રેગ્યુલર ટેલીફોનના જોડાણ મળી કુલ–૩૧ કનેકશનો છે. સદર ઈપીએબીએકસ સીસ્ટમ ચાલુ રહે તે અત્યંત આવશ્યક છે. અગાઉના વર્ષોમાં પણ ટેલીટોક વલસાડ સ્થાનીક ધ્વારા નગરપાલિકા કચેરીના ઈન્ટરકોમ તથા ટેલીફોનોની મેનટેનન્સની કામગીરી કરાવતા આવેલ છે. જે ધ્યાને લઈ ચાલુ વર્ષ એટલે કે તા.:૧–૯–૨૦૧૩ થી તા.:૩૧–૮–૨૦૧૪ સુધીનો નગરપાલિકાના ઈન્ટરકોમ તથા રેગ્યુલર ટેલીફોન અંગેનો વાર્ષીક કોન્ટ્રાકટ, ટેલીટોક કંપની, વલસાડને નીચે જણાવેલ શરતોને આધીન આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

૧. ઈપીએબીએકસ સીસ્ટમ વાર્ષીક ભાડાની રકમ રૂા.૬૨૫૦/– ચુકવણી કરવામાં આવશે.

૨. ટેલીટોક,વલસાડ તરફથી દર માસે અત્રેની કચેરીની મુલાકાત લઈ, ઈપીએબીએકસ સીસ્ટમ અંગેનો રીપોર્ટ કરવાનો રહેશે.

૩.ઈપીએબીએકસ સીસ્ટમના વાર્ષીક ઈજારા માટે રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર જરૂરી કરારખત ટેલીટેક કંપની,વલસાડે કરવાનો રહેશે.

૪.સીસ્ટમમાં ખામી ઉભી થયેથી તેજ દિવસે સીસ્ટમ ચાલુ કરી આપવાની રહેશે.અન્યથા બજાર ભાવે કામગીરી કરાવી લેવામાં આવશે. જેમાં વધારાની નાણાંકીય જવાબદારી ટેલીટેક કંપનીએ ભોગવવાની રહેશે.

૫.સંતોષકારક કામગીરી નહી જણાય તેવા સંજોગોમાં ગમે ત્યારે અધવચ્ચે ઈજારો રદ કરી દેવામાં આવશે.તે સમયે ઈજારાપેટે ચુકવવામાં આવેલ રકમ તુર્તજ નગરપાલિકા કચેરીમાં જમા કરાવી દેવાની રહેશે. જે અંગે ઈજારદાર કોઈ દાવો કરી શકશે નહીં.

૬. પેમેન્ટ વાર્ષીક ભાડાનો ઈજારો પૂર્ણ થયે ચુકવવાનું રહેશે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૨.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા ધ્વારા વસુલવામાં આવતાં, વિકાસ પરવાનગીમાં બાંધકામ પાણી, સ્ક્રુટીની ફી, કંમ્પ્લીશન સર્ટી. વિગેરે ચાર્જીસમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાની મુળ હદમાં બે નવા ગામો મોગરાવાડી અને અબ્રામાનો સમાવેશ સને ૨૦૦૬ નાં વર્ષમાં થયેલ છે. નગરપાલિકામાં સમાવેશ થવાને કારણે હાલે ત્યાં ઝડપી વિકાસ થઈ રહેલ છે. જે માટે નગરપાલિકા તરફથી પાયાની સુવિધા જેવી કે રસ્તા, લાઈટ, પાણી અને ડ્રેનેજ આપવાની થાય છે. ઉપર દર્શાવેલ ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ પુરી પાડવા માટે નગરપાલિકા પર ભારણ વધતું જાય છે. અને દિવસે દિવસે માલસામાન તથા મજુરીનાં ભાવમાં થઈ રહેલો વધારો અને સતત ઝડપી થઈ રહેલ વિકાસને ધ્યાનમાં લેતા હાલે આપવામાં આવતી વિકાસ પરવાનગીમાં નગરપાલિકા ધ્વારા વસુલવામાં આવતા ચાર્જીસ ખુબજ ઓછા છે. જે ચાર્જીસમાં વધારો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. નગરપાલિકામાં હાલે વસુલવામાં આવતા ચાર્જીસ અને નવા સુધારેલા ચાર્જીસની વિગતો નીચે મુજબ છે.

..૧૨..

**હાલનાં દર**

| | રહેણાંક | કોમર્શીયલ |
|---|---|---|
| બાંધકામ પાણી.. | ૦.૫૦ ચો.ફુટ | ૧.૫૦ ચો.ફુટ |
| સ્ક્રુટીની ફી.. | ૧.૦૦ ચો.ફુટ | ૩.૦૦ ચો.ફુટ |

| | | લોરાઈઝ એપાર્ટમેન્ટ | હાઈરાઈઝ એપાર્ટમેન્ટ |
|---|---|---|---|
| કમ્પ્લીશન સર્ટીફીકેટ | ૫૦૦.૦૦<br>ગ્રા.ફ્લોર + એકમાળ | ૫૦૦૦.૦૦<br>એપાર્ટમેન્ટ | ૧૦,૦૦૦/– |

**નવા સુધારેલા દર**

| | રહેણાંક | વેચાણપાત્ર રહેણાંક | કોમર્શીયલ એપાર્ટમેન્ટ |
|---|---|---|---|
| બાંધકામ પાણી | ૧.૦૦ | ૧.૫૦ | ૨.૫૦ |
| સ્ક્રુટીની ફી | ૧.૫૦ | ૨.૫૦ | ૫.૦૦ |
| | | | લોરાઈઝ એપાર્ટમેન્ટ |
| કમ્પલીશન સર્ટીફીકેટ | ૧૦૦૦/–<br>ગ્રા.ફલોર + એકમાળ | ૨૫૦૦/– | ૧૦૦૦૦/– |

હાઈરાઈઝ એપાર્ટમેન્ટ
૨૫૦૦૦/–

ઉપરોક્ત હકીકતોથી વિદિત થતાં નવા સુધારેલા દર મુજબ ચાર્જીસ વસુલાત કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કામ નં.–૩૩.**

**વિષયઃ–** નગરપાલિકા તરફથી ૧૨૦ આવાસ / મકાન ધારકોને અગાઉ વેચાણ દસ્તાવેજ કરી આપેલ ન હોઈ તેઓ તરફથી તા.:૧૧/૧૨/૨૦૧૩ ના રોજ નગરપાલિકાને અરજી આપી આવાસ / મકાનોના દસ્તાવેજો કરી આપવા જણાવેલ છે. આવાસ / મકાનોની ફાળવણી અંદાજે સને ૧૯૮૦–૮૧ ના વર્ષમાં થયેલ હોવાનું જણાયેલ છે. જે વિગતે હાલની આવાસ યોજનામાં વસવાટ કરનાર લોકોની દસ્તાવેજ કરવાની અરજીને ધ્યાને લઈને, દસ્તાવેજ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

**ઠરાવ.:–**

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકાની સને –૧૯૮૦ થી ૧૯૮૫ ની બોર્ડ ધ્વારા મદનવાડ વિસ્તારમાં ૧૨૦ આવાસ મકાનો બનાવેલ હતા અને આ બનાવવામાં આવેલ ૧૨૦ આવાસ / મકાનો જે તે સમયે ફાળવી દેવામાં આવેલ હતા તેમજ નગરપાલિકાની તા.: ૧૮ / ૩ /૧૯૮૫ ના રોજ મળેલ સમગ્ર સભાએ તેના ઠરાવ નંબર.:૨૯૦ થી નકકી કરેલ શરતો પૈકી શરત નં.–૩ ' ફ્લેટ અંગેની છેવટની કીંમત નકકી થાય તે કિંમતનો દસ્તાવેજ જે તે ઈસમે એટલે કે ફ્લેટ હોલ્ડરે પોતાના ખર્ચે કરવાનો રહેશે ' ની જોગવાઈ જોતા ફ્લેટ હોલ્ડરે તેમના ખર્ચે દસ્તાવેજ કરવાનો થતો હતો પરંતુ આજ સુધી દસ્તાવેજ થયેલ નથી.

..૧૩..

નગરપાલિકાએ જે તે સમયે આવાસ / મકાનોની કીંમત રૂા. ૩૫૦૦૦/– થી ઉપર નકકી કરેલ હતી તે જોતાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ –૧૯૬૩ ની કલમ ૬૫(૨) '' જમીનના દરેક પટા અથવા વેચાણ બાબતમાં તથા ૧૦ (દસ) વર્ષ કરતાં વધુ મુદતના સ્થાવર મિલ્કતના પટાની બાબતમાં તથા જેની બજાર કિંમત એક લાખ રૂપિયા કરતાં વધુ હોઈ એવી સ્થાવર મિલ્કતના દરેક વેચાણ અથવા બીજી તબદીલી બાબતમાં રાજય સરકારની પૂર્વ પરવાનગી આવશ્યક છે '' ની જોગવાઈ લાગુ પડતી ન હોવાથી નગરપાલિકા ધ્વારા વેચાણ બાબતે નામદાર સરકારશ્રીની પૂર્વ મંજુરી લેવામાં આવેલ ન હતી.

નગરપાલિકા સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલી ધ્વારા ૧૨૦ આવાસના મકાન ધારકોને દસ્તાવેજ કરી આપવા સંબંધે અગાઉ સને ૧૯૯૫ ની સાલમાં ગુ.ન.પા.અધિ–૧૯૬૩ની કલમ–૫૧(૩) હેઠળ દરખાસ્ત રજુ કરેલ હતી. અને સદર રજુ થયેલ દરખાસ્ત અન્વયે જરૂરી દસ્તાવેજો કરી આપવાની સત્તા ચીફ ઓફીસરશ્રી,વલસાડ નગરપાલિકાને જ.બો.ઠ.નં.–૨૮૮/તા.:૩૦–૧–૧૯૯૫ થી આપેલ હતી પરંતુ નગરપાલિકા તરફથી ૧૨૦ આવાસ / મકાન ધારકોને વેચાણ દસ્તાવેજ કરી આપેલ ન હોઈ તેઓ તરફથી તા.: ૧૧ / ૧૨/ ૨૦૧૩ ના રોજ નગરપાલિકાને અરજી આપી આવાસ / મકાનોના દસ્તાવેજો કરી આપવા જણાવેલ છે. આવાસ / મકાનોની ફાળવણી અંદાજે સને ૧૯૮૦–૮૧ ના વર્ષમાં થયેલ હોવાનું જણાયેલ છે. જે વિગતે હાલની આવાસ યોજનામાં વસવાટ કરનાર લોકોની દસ્તાવેજ કરવાની અરજીને ધ્યાને લઈ,ચર્ચા વિચારણાંને અંતે નકકી થયું કે, ૧૨૦ આવાસના મકાનોના દસ્તાવેજ કરવા અંગે ,વકીલશ્રીનો જરૂરી લીગલ અભિપ્રાય મેળવી, જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૪.</u>

<u>વિષયઃ–</u> નામદાર સરકારશ્રીના રાજીવ આવાસ યોજના – એફોર્ડેબલ હાઉસીંગ યોજના બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર સરકારશ્રીના એફોર્ડેબલ હાઉસીંગ યોજના રાજીવ આવાસ યોજના જેમાં નીચે મુજબની યોજના છે.

નામદાર કેન્દ્ર સરકારનો ફાળો ૫૦%

નામદાર રાજય સરકારનો ફાળો ૩૮%

લાભાર્થી / નગરપાલિકાનો ફાળો ૧૨%

આ યોજના હેઠળ સરકારી જમીનમાં આવેલ અન અધિકૃત જમીનમાં વસવાટ ધરાવતા રહેણાંકના લાભાર્થીઓને તેજ જગ્યા ઉપર માળવાળા આવાસો બનાવી ફાળવવાના રહે છે. આ માટે **LIG** તથા **EWS** મકાનોનો બિલ્ટઅપ એરીયા ૨૫.૦૦ ચો.મી. થી ૩૦.૦૦ ચો.મી. જેમાં ૨ રૂમ, રસોડું, બાથરૂમ તથા ટોયલેટની સુવિધા આપવાની રહેશે તથા આ મકાનોના લાભાર્થીઓની કુલ આવક અંદાજે ૧,૦૦,૦૦૦/– સુધી તથા આવાસના કિંમત ૩,૦૦,૦૦૦/– સુધીની રહેશે જે પૈકી આ યોજનામાં લાભાર્થીને ૫૦,૦૦૦/– સુધી વ્યાજ સબસીડી નામદાર રાજય સરકાર તરફથી ચુકવવામાં આવશે. આ માટે સ્થાનીક સ્વરાજય સંસ્થા તથા અમલીકરણ એજન્સી તરફથી બેંક લોન માટેના જરૂરી દસ્તાવેજો પુરા પાડવાના રહેશે.

હાલમાં વલસાડ શહેરના મુખ્યત્વે નીચેના સ્લમ વિસ્તારો હોવાનું જણાય છે.

| | |
|---|---|
| ૧. ધોબી તળાવ,વલસાડ. | ૨. બરૂડીયાવાડ, વલસાડ પારડી. |
| ૩. કાશ્કીર નગર,વલસાડ પારડી. | ૪. ડોંડીયા ટેકરા, આંધિયાવાડ. |
| ૫. રામવાડી,વલસાડ. | ૬.તરીયાવાડ, વલસાડ. |
| ૭. હરીનગરી,અબ્રામા. | ૮. નવીનગરી,અબ્રામા. |
| ૯.વાવ ફળીયુ, અબ્રામા. | ૧૦.ખંધાર નગરી,અબ્રામા. |
| ૧૧.હળપતી વાસ, વલસાડ. | ૧૨.દર્ડીગીયું,મોગરાવાડી. |
| ૧૩. છત્તરીયું,મોગરાવાડી. | ૧૪. હનુમાન ફળીયા,મોગરાવાડી. |

..૧૪..

ઉપરોકત વિસ્તારોના સર્વે નામદાર સરકારશ્રીના સાહસ **GUDU** કચેરી,ગાંધીનગર તરફથી નિમણુંક કરવામાં આવેલ સર્વે એજન્સી **WAPCOS LIMITED** તરફથી ચાલી રહેલ છે. આ બાબત નિતિવિષયક હોવાથી આ માટેની આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટેની જરૂરી નિયમોનુસારની ધોરણસરની દરખાસ્ત ના.સરકારશ્રીમાં કરવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૫.

વિષયઃ– હો.ક.ઠ.નં.૨૨ / તા.:૨૨/૧૧/૧૩ ની ભલામણ મુજબ,ર્ડા. દિવ્યારાણી. એ.પટેલની ,હંગામી મેડીકલ ઓફીસર તરીકે કરાર આધારીત તદ્રન હંગામી ધોરણે ૧૧ માસ માટે નિમણુંક કરવા જ.બોર્ડની મંજુરતની અપેક્ષાએ તા.:૧૬–૧૨–૨૦૧૩ થી રીન્યુ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

હો.ક.ઠ.નં.૨૨ / તા.:૨૨/૧૧/૧૩ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવી ગયેલ ર્ડા. દિવ્યારાણી. એ.પટેલનો કરાર આધારીત તદ્રન હંગામી ધોરણનો કરાર તા.:૩૧–૮–૨૦૧૩નાં રોજ પૂર્ણ થયેલ હતો. છેલ્લા ૨ માસથી મ્યુની. હોસ્પિટલમાં ફકત ૨(બે) મેડીકલ ઓફીસરો ફરજ બજાવે છે. જેઓએ ૧૨ કલાકની વારાફરતી સળંગ ડયુટી બજાવવી પડે છે. દિવસ દરમ્યાન ઓપીડી વિભાગમાં એવરેજ ૯૦ થી ૧૦૦ પેશન્ટો તથા ઈન્ડોર ૮ થી ૧૦ પેશન્ટોની સારવાર કરે છે. નાઈટ ડયુટી તથા ઈમરજન્સી ડયુટી માટે ઉપરોકત બે(૨)જ મેડીકલ ઓફીસરો હોવાથી હોસ્પીટલની કામગીરીમાં મુશ્કેલી પડી રહેલ છે. આ સંજોગોમાં હોસ્પીટલની કામગીરીમાં ત્થા આવનારા પેશન્ટોને સારવારમાં મુશ્કેલી ન પડે તે માટે અરજદાર શ્રીમતી ર્ડા.દિવ્યારાણી. એ. પટેલની અરજી ઘ્યાને લેતાં અગાઉ હોસ્પીટલમાં કામગીરી કરી હોય, તેઓને કરાર આધારીત તદ્રન હંગામી ધોરણે ૧૧– માસ માટે નિમણુંક કરવા જનરલ બોર્ડની મંજુરીની અપેક્ષાએ તા.:૧૬–૧૨–૨૦૧૩ થી રીન્યુ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૬.

વિષયઃ– હોસ્પીટલમાં કોલ્ડ સ્ટોરેજ યુનીટ ખરીદ કરવાનો જરૂરી ખર્ચ રૂા.૨,૮૬,૫૦૦/– + યુનિટ બનાવવાનો સીવીલ ખર્ચ રૂા.૩,૧૩,૫૦૦/–પુરાનો ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલીત હોસ્પીટલમાં કોલ્ડ સ્ટોરેજ બનાવવાની જરૂરીયાત છે. આ કામે એક યુનીટની કન્સ્ટ્રકશન કરવું પડે એમ છે. તથા આ કામના જાણકાર પાસેથી કોઈક સ્ટોરેજ યુનિટના એસ્ટીમેઈટ તથા સ્પેશીફીકેશન મંગાવતા કુલ ૬,૦૦,૦૦૦/– પુરાનો ખર્ચ થવાં સંભવ છે. જે ઘ્યાને લઈ, હોસ્પીટલમાં કોલ્ડ સ્ટોરેજ યુનીટ ખરીદ કરવાનો જરૂરી ખર્ચ રૂા.૨,૮૬,૫૦૦/– + યુનિટ બનાવવાનો સીવીલ ખર્ચ રૂા. ૩,૧૩,૫૦૦/– મળી કુલ્લે ખર્ચ રૂા.૬,૦૦,૦૦૦/– અંકે રૂા. છ લાખ પુરાનો મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૩૭.

વિષયઃ– નિયામકશ્રી,નગરપાલિકાઓ,ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર નં.નપાની/ મહેકમ–૧ / વલસાડ / ૧૯૬૪ /૧૩/૮૩૮૮ તા.:૧૧/૧૨/૨૦૧૩થી વલસાડ નગરપાલિકાના વારીગૃહ શાખાના રોજમદારોને કાયમી કરવા બાબતની વલસાડ નગરપાલિકાની દરખાસ્ત નામંજુર કરવામાં આવેલ. જેની નોંધ લેવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,કલેકટરશ્રી, વલસાડના પત્ર નં.એસીબી / એમયુએન / વશી / ૨૧૯૯ /૧૩ તા.:૦૨ / ૧૧ /૨૦૧૩ વાળા પત્રથી વલસાડ નગરપાલિકામાં વારીગૃહ શાખામાં રોજીંદા મજુરોને નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ.નં.૭૭૨૭ / ૨૦૧૩ માં નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ તા.૨૪ /૧૦ /૨૦૧૩ ના ઓરલ ઓર્ડર મુજબ કાર્યવાહી કરવા અંગેની નગરપાલિકાની દરખાસ્ત અત્રેની કચેરીને મોકલી આપેલ છે.

..૧૫..

નગરપાલિકાના મંજુર મહેકમની જગ્યાઓ સિવાયની જગ્યાઓ ઉપર માન્ય ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના રાખવામાં આવેલ રોજમદારો બાબતે અત્રેની કચેરીના પરીપત્ર ક્રમાંકઃ નપાની / યુ.૧ / વશી / ૪૦૩૫ / ૨૦૦૪ તા.:૩ /૮/૨૦૦૪ થી નામ. ગુજરાત હાઈકોર્ટની ફુલ બેંચ ધ્વારા તા.:૯/૭/૨૦૦૪ ના જજમેન્ટ મુજબ ગાઈડ લાઈન્સ નકકી કરવામાં આવેલ છે તે મુજબ વલસાડ નગરપાલિકાની દરખાસ્ત નીચે જણાવેલ કારણોસર " નામંજુર " કરવામાં આવેલ છે. જે અંગેના નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય,ગાંધીનગરની કચેરીના પત્ર નં.નપાની / મહેકમ–૧ / વલસાડ / ૧૯૬૪ / ૧૩ તા.:૧૧ /૧૨/૨૦૧૩ની નોંધ લઈ,અમલ કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. કાયદાથી માન્ય કરેલ ભરતી પ્રક્રિયા અનુસર્યા સિવાય અને મંજુર સેટઅપ સિવાય નોકરીમાં રાખેલ એડહોક / હંગામી કર્મચારીઓ નોકરીમાં કાયમી થવા માટે વર્ષોની લાંબી નોકરી કરી હોવાના કારણને આધારે તેમને કાયમી કરી શકાય નહીં.

૨. માન્ય ભરતી પ્રક્રિયા અનુસર્યા સિવાય આવા રોજમદારોને સીધેસીધા મંજુર મહેકમની ખાલી જગ્યાઓ પર સમાવેશ કરી શકાય નહીં.

૩. નગરપાલિકાનું બાકી દેવું અંદાજે રૂા.૩૭ કરોડ જેટલું હોઈ નગરપાલિકાની આર્થિક સ્થિતી નબળી છે.

૪. કાયદાકીય જોગવાઈ અથવા ગાઈડલાઈન્સ વિરુધ્ધ જઈને કોઈ કર્મચારીને કાયમી અથવા વિનિયમીત કરી શકાય નહીં.

૫. નગરપાલિકાના મંજુર થયેલ ભરતી / બઢતીના નિયમોમાં નગરપાલિકાના રોજમદારોની સેવાઓ વિનયમીત કરવા અંગેની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

૬. સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકાના વારીગૃહ શાખામાં મજુર સંવર્ગનું કોઈ મહેકમ મંજુર થયેલ નથી.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૮.</u>

<u>વિષયઃ–</u> સીધાવેરા શાખા મારફતે કુલ માંગણાંનાં ( ટેક્ષમાં) જુલાઈ માસમાં ૫% રીબેટ આપવામાં આવે છે. જે પ્રથા રદ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકા નિયામકશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંક નં. નપાની / ટેક્ષશાખા / વલસાડ / વેરા વળતર / વશી – ૧૬૭ / ૨૦૧૨ / ૧૮૪૩ તા.: ૩૧–૦૩–૨૦૧૨ કરવેરા રીબેટ અને દંડકીય નિયમો – ૨૦૧૦ થી મંજુર કરવામાં આવેલ હતા. જે નિયમો મુજબ ચાલુ માંગણાની રકમ ઉપર ફકત ૧૦% વળતર આપવાની મંજુરત મળેલ હતી. પરંતુ સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ નાં વર્ષમાં જુન માસમાં ૧૦% જુલાઈ માસમાં ૫% પ્રમાણે વળતર આપવામાં આવેલ હતું. પરંતુ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક ૩૫૬ / તા.:૨૮–૧૦–૨૦૧૦ થી વળતર તથા દંડકીય વ્યાજનાં જે નિયમો બનાવવામાં આવેલ છે. જેમાં નિયમ નંબર.:૩ માં ફકત ૧૦% જ વળતર આપવાની મંજુરત મળેલ હોય સને ૨૦૧૪–૧૫ નાં વર્ષમાં જુલાઈ માસમાં આપવામાં આવતું ૫% વળતર પ્રથા રદ કરવા માટેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૯.</u>

<u>વિષયઃ–</u> હનુમાન ભાગડા પીચીંગ પાસે આવેલ ખેતરમાં વરસાદી પાણીના નિકાલ માટે નવી પાઈપલાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૮૩,૫૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,ઔરંગા નદી તરફ જતા હનુમાનભાગડા પીચીંગ પાસે આવેલ શ્રી અશોકભાઈ સંપતરાય દેસાઈના ખેતરમાંથી વલસાડ શહેરમાંથી વરસાદી પાણીના નિકાલ માટેની ઓપન ડ્રેઈન જે તરીયાવાડથી સતીમાતા મંદીરની પાછળ થઈને શ્રી અશોકભાઈ સંપતરાય દેસાઈના ખેતરમાં પસાર થઈ ઔરંગા નદી તરફ જાય છે. આ વરસાદી પાણીની ઓપન ડ્રેઈનના કારણે શ્રી અશોકભાઈ સંપતરાય દેસાઈના ખેતરના બે ભાગ પડી જાય છે. આથી શ્રી અશોકભાઈ સંપતરાય દેસાઈના ધ્વારા સામસામે અવરજવર કરી શકાય તેમજ સાધન સામગ્રી લઈ જઈ

શકાય તે માટે ૧૮૦૦ એમ.એમ.( છ ફુટ) પાઈપ–લાઈન નાંખવાની માંગણી કરેલ છે. નવી ૧૮૦૦ એમ.એમ.( છ ફુટ) પાઈપ–લાઈનના કામનો અંદાજીત ખર્ચ રૂા.૮૩,૫૦૦/– થવાની સંભાવના છે. આ અંદાજો વાર્ષિક ટેન્ડર ભાવ ૨૦૧૩–૨૦૧૪ થી બનાવવામાં આવેલ છે. જે મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૦.

વિષયઃ– શાપુરનગર વિસ્તારમાં પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ આંગણવાડીને કંમ્પાઉન્ડ વોલ બનાવવાની જરૂરીયાત હોય જે અંગેનું આવેલ જરૂરી એસ્ટીમેઈટ રૂા.૫,૨૯,૬૬૫/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ, શાપુરનગર વિસ્તારમાં પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં આંગણવાડી બનાવેલ છે. સદર આંગણવાડીને કંમ્પાઉન્ડ વોલ બનાવવાની જરૂરીયાત હોવાથી સદર કામનો સને ૨૦૧૨–૧૩ નાં વર્ષમાં એસ.ઓ.આર. મુજબ એસ્ટીમેઈટની રકમ રૂા.૫,૨૯,૬૬૫/– પુરાનો આવેલ છે. સદરહું કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી સદર આવેલ ઉપરોકત એસ્ટીમેઈટની રકમ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૪૧.

વિષયઃ– વો.વ.ક.ઠ.નં.૧૭૮ / તા.ઃ૨૭–૯–૨૦૧૩ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતે જુના **11 MLD** વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર **120 H.P.** મોટર પંપ સેટનું ઈરેકશન કરવાનાં કામે ઈજનેરશ્રી વારીગૃહના રીપોર્ટમાં જણાવ્યા મુજબ ૮" ડાયાની એમ.એસ.પાઈપ વિગેરે કામગીરી કરવાનો એસ્ટીમેઈટ રૂા. ૫૫,૯૬૬/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

વો.વ.ક.ઠ.નં.૧૭૮ / તા.ઃ૨૭–૯–૨૦૧૩ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ ખાતે જુના **11 MLD** વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના પ્યોર વોટર પ્લાન્ટની જુની ૧૫૦ એચ.પી.મોટર પંપ સેટ નં.૩ કાઢી નવો **120 H.P.** મોટર પંપ સેટનું ઈરેકશન કરવામાં આવેલ છે. જેને ચાલુ કરવા માટે નવી ૮" ડાયાની એમ.એસ.પાઈપ તથા તેને લગતી અન્ય કામગીરી કરવા તા.ઃ૬/૮/૨૦૧૩ ના રોજ આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૬૨૧૮૫/– ના ૧૦% લેશ કરતાં રૂા.૫૫,૯૬૬/–નો આવેલ છે. જે આવેલ એસ્ટીમેઈટની રકમ મંજુર કરી સદરહું કામગીરી શહેરીજનોને પીવાના પાણીનો પુરવઠો સમયસર આપી શકાય એવા શુભ આશયથી કરવી અત્યંત જરૂરી અને આવશ્યક હોય સદરહું કામગીરી કરવા માટેનો આવેલ ઉપરોકત ખર્ચ રૂા. ૫૫,૯૬૬/– અંકે રૂા.પંચાવન હજાર નવસો છયાંસઠ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

મે.ચેરમેનશ્રીની અનુમતીથી રજુ થતાં વધારાના કામો..

વ.કા. નં.–૧.

વિષયઃ–નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલમાં કાયમી ડેન્ટલ સર્જન તરીકે ફરજ બજાવતા ર્ડા.રૂપલબેન કે.ભાવસારની તા.ઃ૩૦–૧૨–૨૦૧૩ની આવેલ અરજીમાં જણાવ્યા પ્રમાણે તા.ઃ૩૧–૦૩–૨૦૧૪ થી ફરજમાંથી, અંગત કારણોસર નોકરીમાંથી સ્વૈચ્છીક નિવૃત્તીની માંગણી કરેલ છે. જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.ઃ–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલમાં કાયમી ડેન્ટલ સર્જન તરીકે ફરજ બજાવતા ર્ડા. રૂપલબેન કે.ભાવસાર, તા.ઃ૪–૯–૧૯૮૭ થી કાયમી ડેન્ટલ સર્જન તરીકે ફરજ બજાવે છે. તેમણે તા.ઃ૩૦–૧૨–૨૦૧૩ ના રોજ વલસાડ નગરપાલિકાને કરેલ અરજી મુજબ તા.ઃ૩૧/૦૩/૨૦૧૪ થી ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતી માંગતી અરજી કરેલ છે.

સ્વૈચ્છિક નિવૃત્તિ અંગે બી.સી.એસ.આર. જોગવાઈ ( ભાગ–૧,૧૩.૦ સ્વૈચ્છિક નિવૃત્તિ ૨૫ વર્ષની નોકરી પછીની –૧૩.૨) તથા " નાણાં વિભાગના તા.ઃ૦૩–૦૨–૧૯૭૮ ઠરાવમાં જણાવેલ ૧૩(૧) (૨) મુજબ ૨૫ વર્ષની

પેન્શન પાત્ર નોકરી પૂર્ણ કર્યા પછી કર્મચારી ગમે ત્યારે સ્વૈચ્છિક રીતે –ત્રણ માસની નોટીશ આપ્યા પછી નિવૃત્ત થઈ શકે છે અને આવા કર્મચારીને નિવૃત્તિના તમામ લાભો આપવાપાત્ર થાય છે. તેઓની કુલ પેન્શનપાત્ર નોકરી ૨૬(છવ્વીસ) વર્ષ થવા જાય છે. આ જોગવાઈઓ મુજબ તેઓની કુલ નોકરીનો સમયગાળો ૨૬( છવ્વીસ ) વર્ષ ઉપર થવા જાય છે. તે જોતાં અરજદાર સ્વૈચ્છીક નિવૃત્તી લેવા હકકદાર હોય,ઉપરોકત બાબતો ધ્યાને લઈ, તેમની તા.:૩૦–૧૨–૨૦૧૩ની અરજીમાં જણાવ્યા મુજબ, તેમની સ્વૈચ્છીક નિવૃતી તા.:૩૧/૦૩/૨૦૧૪ થી મંજુર કરવા તથા તેઓની સ્વૈચ્છીક નિવૃતી બાદ, તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરે ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૨</u>

<u>વિષયઃ–</u> પોલીકેટ વેસ્ટ રબર રીસોર્સ પ્રા.લિ. સુરતની તા.:૨૩–૧૨–૨૦૧૩ ના રોજની આવેલ અરજીમાં જણાવ્યા પ્રમાણે, નગરપાલિકાએ બનાવેલ ડમ્પીંગ સાઈટે પ્રોસેસીંગ યુનિટ સ્થાપવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકા વિસ્તારમાંથી દરરોજ ૨૮ ટન જેટલો કચરાનો નિકાલ નગરપાલિકાએ બનાવેલ ડમ્પીંગ સાઈટે કરવામાં આવે છે. નગરપાલિકાએ સને ૨૦૦૦–૦૧ ના વર્ષમાં ધનકચરામાંથી ખાતર બનાવવાનો પ્લાન્ટ નાંખેલ છે જે હાલે કાર્યરત છે. ચોમાસાના ચાર મહિના આ પ્લાન્ટ બંધ રહેતો હોવાથી ૧૦૦% કચરામાંથી ખાતર બનાવી શકાતું નથી. જેને કારણે ધનકચરા નિકાલની ડમ્પીંગ સાઈટે કચરાનો ભરાવો વધતો જાય છે.

ઉપરોકત અનુસંધાનવાળી પોલીકેટ એજન્સીના તા.:૨૩ / ૧૨ / ૨૦૧૩ ના રોજ નગરપાલિકાની મુલાકાતે આવેલ અને તેમણે આપણી ધનકચરા નિકાલની ડમ્પીંગ સાઈટની મુલાકાત પણ લીધેલ હતી. તેઓ નગરપાલિકાને ધનકચરા નિકાલ માટે સહાયરૂપ થવાની તૈયારી દર્શાવેલ છે તેમની સાથે રૂબરૂમાં થયેલ ચર્ચા મુજબ તેઓ નગરપાલિકા પાસે નીચે મુજબની અપેક્ષા રાખે છે.

(૧) નગરપાલિકાએ ડમ્પીંગ સાઈટે ૧૦૦ × ૫૦ ફુટનો શેડ એજન્સીને બાંધી આપવાનો રહેશે.

(૨) નગરપાલિકાએ એજન્સીને જરૂરીયાત મુજબનો પાવર કનેકશનની વ્યવસ્થા કરી આપવાની રહેશે જેનું બીલ એજન્સી ચુકવશે.

(૩) નગરપાલિકાએ એજન્સીને એક જે.સી.બી. અને બે ટ્રેકટર–ટ્રેલરની વ્યવસ્થા કરી આપવાની રહેશે.

નગરપાલિકા તરફથી ઉપરોકત વ્યવસ્થા થયા બાદ એજન્સી પોતાના ખર્ચે પોતાનું પ્રોસેસ યુનીટ ડમ્પીંગ સાઈટે બેસાડી કામગીરી કરશે. કચરા / પ્લાસ્ટીક વિ. વેસ્ટેજમાંથી એજન્સી જે કોઈ વસ્તુનુ ઉત્પાદન કરશે તેનું વેચાણ કરી તેની આવક એજન્સી લેશે અને આ કામગીરી તેઓએ પાંચ વર્ષ માટે કરવાની તૈયારી દર્શાવેલ છે. જે વિદિત થતાં ઉપરોકત કામે જરૂરી કાર્યવાહી કરી મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૩</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૧૧૩ / તા.: ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, નૂતન સોસાયટી, તિથલ રોડ, વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવા બાબતેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૨૩,૯૦૦ /– પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં.૧૧૩ / તા.: ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ નૂતન સોસાયટી, તિથલ રોડ, વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે. સદર વિસ્તારમાંનાના ડાયાની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે. જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે. ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું જરૂરી જણાતા ઉપરોકત કામનો એસ્ટીમેઈટ બનાવવામાં આવતા રૂા.૧,૨૩,૯૦૦ /– પુરાનો મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૪</u>

<u>વિષયઃ–</u> ડ્રે.ક.ઠ.નં.૧૧૪ / તા.: ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ,ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, બેચરરોડ, વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવા બાબતેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૩૬,૭૦૦ /– પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ.નં.૧૧૪ / તા.: ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ,ગુરૂકૃર્પા એપાર્ટમેન્ટ, બેચરરોડ, વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે. સદર વિસ્તારમાં નાના ડાયાની હોવાથી ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે. જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે. ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું જરૂર જણાતા ઉપરોકત કામનો એસ્ટીમેઈટ બનાવવામાં આવતા રૂા.૨, ૩૬,૭૦૦ /– પુરાનો થયેલ છે. જે મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૫

વિષયઃ– ડ્રે.ક.ઠ.નં.૧૧૬ / તા.: ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, ભીંડી બજાર, કેરી મારકેટની પાછળ, મદનવાડ વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવા બાબતેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૭,૧૦૦ /– પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ.નં.૧૧૬ / તા.: ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ ભીડીં બજાર, કેરી મારકેટની પાછળ, મદનવાડ વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ નથી. સદર વિસ્તારમાં વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે. જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે. ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા આ વિસ્તારમાં આવેલ ધરોને ડ્રેનેજ જોડાણની સુવિધા આપવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ બનાવવામાં આવતા રૂા. ૬૭,૧૦૦ /– પુરાનું આવેલ છે. જે મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૬

વિષયઃ– નામદાર સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ જનભાગીદારીથી ખાનગી સોસાયટીમાં પેવર બ્લોક વિગેરેના કામો માટે પરીપત્ર ઠરાવ ક્રમાંક : સજય / ૧૦૨૦૧૨ / ૨૨૭ / ધ, સચિવાલય, ગાંધીનગર તા.: ૧૯–૪–૧૨ થી ખાનગી સોસાયટીમાં પેવર બ્લોકના રસ્તા બનાવવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે નગરપાલિકા વિસ્તારની જુદી જુદી સોસાયટીઓ / એપાર્ટમેન્ટોમાં જનભાગીદારીથી પેવરબ્લોકના રસ્તા વિગેરે કામો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શ્રી શહેરી વિકાસ યોજના હેઠળ જનભાગીદારીથી ખાનગી સોસાયટીમાં પેવર બ્લોક વિગેરેના કામો માટે પરીપત્ર ઠરાવ ક્રમાંકઃ સજય / ૧૦૨૦૧૨ / ૨૨૭ / ધ, સચિવાલય, ગાંધીનગર તા.: ૧૯–૪–૧૨ થી ખાનગી સોસાયટીમાં પેવર બ્લોકના રસ્તા બનાવવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે આ સાથેની સામેલ યાદીમાં જણાવ્યા પ્રમાણેની નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ખાનગી સોસાયટીમાં પેવર બ્લોકના રસ્તા બનાવવાનું કામ અંગે જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૭

વિષયઃ– ૧૫% વિવેકાધીન યોજના હેઠળ તાપાવાડ વિસ્તારમાં પેવર બ્લોક બેસાડવાના કામે ઠેકેદારશ્રી હસમુખભાઈ ડી. પલસાણા, સુરતને સોંપવામાં આવેલ છે. સદર ઠેકેદારશ્રી ધ્વારા નગરપાલિકા મંજુર કરેલ એસ્ટીમેઈટ મુજબ કામગીરી કરેલ છે. પરંતુ સદર સ્થળે એસ્ટીમેઈટ કરતાં વધુ કામગીરી થયેલ છે. જેથી ઠેકેદારશ્રીએ રૂા.૧,૨૯,૫૯૦/– પુરાનો વધારાના ખર્ચની કામગીરી કરેલ છે. સદર વધારાનો ખર્ચ મંજુર કરવા તેમજ કરેલ કામગીરીને બહાલ રાખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,૧૫% વિવેકાધીન યોજના હેઠળ તાપાવાડ વિસ્તારમાં પેવર બ્લોક બેસાડવાના કામે ઠેકેદારશ્રી હસમુખભાઈ ડી. પલસાણા, સુરતને સોંપવામાં આવેલ છે. સદર ઠેકેદારશ્રી ધ્વારા નગરપાલિકા મંજુર કરેલ એસ્ટીમેઈટ મુજબ કામગીરી કરેલ છે. પરંતુ સદર સ્થળે એસ્ટીમેઈટ કરતાં વધુ કામગીરી થયેલ છે.

..૧૯..

જેથી ઠેકેદારશ્રીએ રૂા.૧,૨૯,૫૯૦/– પુરાનો વધારાના ખર્ચની કામગીરી કરેલ છે.તો સદર વધારાનો ખર્ચ થયેલ છે જેને મંજુર કરવાની જરૂરીયાત હોય તેમજ કરેલ કામગીરીને બહાલ રાખવાનું જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૮.

વિષયઃ– શ્રી મોરારજી દેસાઈ મ્યુઝિયમ બનાવવાનું કામ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર થયેલ છે. સદરહું મ્યુઝિયમની બહાર પાર્કીંગવાળા ભાગ પાસે ઓપન પ્લોટ ઉપર રેસ્ટોરન્ટ–પાર્લર બનાવવાની જરૂરીયાત હોય, જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, શ્રી મોરારજી દેસાઈ મ્યુઝિયમ બનાવવાનું કામ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર થયેલ છે. સદરહું મ્યુઝિયમની બહાર પાર્કીંગવાળા ભાગ પાસે ઓપન પ્લોટ ઉપર રેસ્ટોરન્ટ–પાર્લર બનાવવાની જરૂર છે. જેથી સદરહું મ્યુઝિયમ માટે આવતાં વિઝીટર લોકોને નાસ્તા વિગેરેની સુવિધા મળી શકે એમ છે. જે ધ્યાને લઈ પીપીપી નાં ધોરણે ઓપરેશન–મેઈટેનન્સ કરવા માટે દૈનિક પત્રમાં જાહેરાત આપી, જરૂરી કાર્યવાહી કરી, કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૯.

વિષયઃ– શ્રી વિદ્યામૃત વર્ષિણી પાછશાળા, ગણપતિવાડી, જી.વી.ડી. હાઈસ્કુલ સામે, વલસાડની તા.:૩૦–૧૨–૨૦૧૩ના પત્રમાં જણાવ્ય મુજબ, પાઠશાળા થી મહેતવાડ શરૂ થાય તે ગાળામાં રસ્તાનું નામ " સરસ્વતી માર્ગ " અને પાઠશાળા થી લોટસ હોસ્પીટલ સુધીના માર્ગને " ગીતાસદન માર્ગ " તરીકે નામાભિધાન (નામકરણ) આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડની શ્રી વિદ્યામૃત વર્ષિણી પાઠશાળા ૧૦૨ વર્ષથી શિક્ષણનાં કામો કરતી સંસ્થા છે. તેની પાસેજ કોઠારી વિદ્યાલયનાં બે મકાનો છે. પાઠશાળાની પાછલા મકાનમાં જૈન સ્કુલ પણ ચાલે છે. પાઠશાળાની સામે જી.વી.ડી. સાર્વજનિક હાઈસ્કુલ અને તેની બાજુમાં કન્યાશાળાનાં બે મકાનો કાર્યરત છે. આ આખો વિભાગ વિદ્યાકીય કાર્ય કરતો વિભાગ છે. પાઠશાળાથી માંડીને મહેતવાડ શરૂ થાય તે ગાળામાં રસ્તાનું નામ નથી તેથી એ ગાળામાંના વિસ્તારને " સરસ્વતી માર્ગ " આપવાનું અને પાઠશાળાથી લોટસ હોસ્પીટલ સુધીના ભાગમાં " ગીતાસદન માર્ગ " તરીકે નામાભિધાન ( નામકરણ ) આપવાની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૦.

વિષયઃ– સચીવશ્રી , સ્વામી વિવેકાનંદ ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવણી સેલ સચીવાલય, ગાંધીનગરના પત્ર મુજબ ૧૫ મી ડીસેમ્બર–૨૦૧૩ ના રોજ " રન ફોર યુનિટી " અંતર્ગત ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી થનાર ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,રન ફોર યુનીટી કાર્યક્રમ હેઠળ ૧૫ મી ડીસેમ્બરના રોજ વલસાડ શહેર ખાતે મંત્રીશ્રીઓના વરદ હસ્તે રનફોર યુનીટીનો ફલેગ ઓફ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત સચીવશ્રી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, સચીવાલય, ગાંધીનગરના પત્ર નંબર.:વજઉ / ૧૦૨૦૧૩ / ૯૩૯ / વી.સેલ / તા.:૨૦–૧૧–૧૩ માં જણાવ્યા મુજબ સરદાર વલ્લભભાઈ પટેલ ધ્વારા દેશની અખંડીતતા માટે રજવાડાઓનુ એકીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતા પૂર્વક પાર પાડવામાં આવેલ આ બેનમુન કાર્યના સંદર્ભે સરદાર પટેલની ૧૮૨ મીટર ઉંચાઈ ધરાવતા વિશ્વમાં ઉંચી સ્ટેચ્યુની કેવડીયા ખાતે નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપનાનું રાજય સરકારે આયોજન કરેલ છે. સદર કાર્યક્રમને અનુલક્ષીને ૧૫ મી ડીસેમ્બર–૨૦૧૩ ના રોજ બીડીસીએ ગ્રાઉન્ડ થી સ્ટેડીયમ રોડ, આઝાદ ચોક, આવાંબાઈ સ્કુલ, સરકીટ હાઉસ થઈ તીથલ રોડ, શાંતીનગર સુધી મેરેથોન દોડમાં ૨૫૦૦૦ જેટલાં શહેરીજનો, શાળાના બાળકો વિવિધ સમાજના લોકો જોડાનાર છે. આ કાર્યક્રમના પ્રચાર પ્રસાર અંગે આનુસાંગીક કામગીરી કરવાની થાય છે. ..૨૦..

ઉપરોકત કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો લાભ લે તે માટે તા.:૧૩/૧૨/૧૩ ના રોજ રન ફોર યુનીટી કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ તથા લોક ડાયરાનું આયોજન સરદાર પટેલ પ્રતિમાની પાસે મોંઘાભાઈ હોલની બાજુમાં, વલસાડ ખાતે સાંજે ૭–૦૦ વાગે રાખવામાં આવેલ છે. તેમજ તા.:૧૫ મી ડીસેમ્બરના રોજ બીડીસીએ મેદાનથી તીથલ રોડ શાંતીનગર સુધી મેરથોન દોડનું આયોજન કરવામાં આવેલ છે. આમ બન્ને દિવસો માટે પ્રચાર પ્રસાર માટે ફલેકસ મોટા બેનર નંગ–૨૦, ફલેકસ નાના બેનર નંગ–૨૦, હોડીંગ્સ બોર્ડ નંગ–૨, સ્ટીકર નંગ–૨૦૦૦, સ્ટેજ બેનર નંગ–૨, પેમ્પલેટ નંગ–૨૦,૦૦૦, દૈનિક પેપરમાં નાંખવા માટે સ્થાનીક બજારમાંથી ભાવ મંગાવી કામગીરી કરાવવા તથા સદર પત્રથી ફાળવેલ ગ્રાન્ટનો આ કાર્યક્રમ અંર્તગત વિવિધ કામો કરવા માટે સમાવેશ કરવાનો થાય છે જેમાં સ્વાગત કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, જાહેરાત, હોડીંગ્સ, બેનર્સ, વિડીયોગ્રાફી, આમંત્રણ પત્રિકા, ઈલેકટ્રીક મીડીયા, જાહેરાત, ફુડપેકેટ , લીંબુ શરબત, રીક્ષા ધ્વારા જાહેરાત વિગેરે કામો કરાવવાનું તથા સદર કામગીરી કરાવ્યા બાદ આવતા બીલો ચુકવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૧૧.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૧૧ માં મંદબુધ્ધિ શાળાવાલી ગલીમાં હાલમાં લાયન્સ હોલ તરીકે ઉપયોગમાં આવે છે. સદરહું ભાગે ૮૦–એમ.એમ. પેવરબ્લોક નાંખવા અંગેનું રીવાઈઝડ એસ્ટીમેઈટ રૂા. ૯૬૦૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૧ માં મંદબુધ્ધિ શાળાવાલી ગલીમાં હાલમાં લાયન્સ હોલ તરીકે ઉપયોગમાં આવે છે. સદરહું ભાગે હાલે ખુબજ ગંદકી થાય છ. જો ૮૦–એમ.એમ. પેવરબ્લોક નાંખવામાં આવે તો આ અંગેનું રીવાઈઝડ એસ્ટીમેઈટ રૂા. ૯૬૦૦૦/– અંકે રૂા. છન્નુ હજાર, પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૧૨.</u>

<u>વિષયઃ–</u> વોર્ડ નં.–૧૧માં રાજેશ્વરી સોસાયટી ર્ડા. ભાવેશભાઈનાં ઘરથી પારિજાત સોસાયટી તથા વિજયભાઈનાં ઘરવાળો રસ્તો પેવરબ્લોકનો બનાવવા અંગેનાં કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૯,૦૧,૬૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વોર્ડ નં.–૧૧માં રાજેશ્વરી સોસાયટી વિસ્તારના નીચે જણાવેલ સ્થળોએ અગાઉ કોક્રીંટ રોડ બનાવેલ હતો પરંતુ ગેસલાઈનનાં કનેકશન, પાણીની લાઈનનાં કારણે તુટી ગયેલ છે. જેથી ૮૦ એમ.એમ. જાડાઈનાં રિફલેકટીવ ટાઈપ પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય, જે અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૯,૦૧,૬૦૦/– પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડમે ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ર્ડા. ભાવેશભાઈનાં ઘરથી પારિજાત સોસાયટી સુધીનો રસ્તો.

૨) રાજેશ્વરી વિજયભાઈનાં ઘરવાળો રસ્તો.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૧૩.</u>

<u>વિષયઃ–</u> ગણેશ મહોલ્લામાં આવેલ ખુલ્લા પ્લોટ ઉપર હાલે ખુબજ ગંદકી થાય છે. સદરહું વિસ્તાર સ્લમ વિસ્તાર હોય,૬૦ એમ.એમ.જાડાઈનાં પેવરબ્લોક નાંખવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૨,૬૪,૮૦૦/–પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ગણેશ મહોલ્લોમાં આવેલ ખુલ્લા પ્લોટ ઉપર હાલે ખુબજ ગંદકી થાય છે. સદરહું વિસ્તાર સ્લમ વિસ્તાર હોય જો પ્લોટમાં પેવર બ્લોક નાંખવામાં આવે તો પ્લોટનો ઉપયોગ ત્યાંના રહીશોને પ્રવૃત્તિ કરવા માટે વપરાશમાં આવી શકે એમ છે. તો આ અંગે ૬૦ એમ.એમ.જાડાઈનાં પેવરબ્લોક નાંખવા માટેનું એસ્ટીમેઈટ રૂા.૨,૬૪,૮૦૦/–પુરા મંજુર કરવા જનરલ બોર્ડમે ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૨૧..

વ.કા. નં.–૧૪.

વિષયઃ– ડ્રે.ક.ઠ.નં.૧૧૭ / તા.ઃ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ,મુલ્લાવાડી ગણેશ સ્ટ્રીટ વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવા બાબતેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૦૬,૧૦૦/–પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

ડ્રે.ક.ઠ.નં.૧૧૭ / તા.ઃ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ મુલ્લાવાડી ગણેશ સ્ટ્રીટ વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે. આ પાઈપલાઈન નાના ડાયાના હોવાથી આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે., તથા આ વિસ્તારમાં ઈન્ડીવિજયુઅલ ટોઈલેટ સ્કીમ હેઠળ નવા ટોઈલેટ બનાવવામાં આવેલ છે તેના માટે સુવિધા આપવા માટે નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ વાર્ષિક ટેન્ડર ૨૦૧૩–૧૪ ના ભાવથી બનાવવામાં આવતા, આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૦૬,૧૦૦/–અંકે રૂા.બે લાખ, છ હજાર,એકસો પુરા મંજુર કરવા જનરલ બોર્ડમે ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૫.

વિષયઃ– ડ્રે.ક.ઠ.નં.૧૧૮ / તા.ઃ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, રાખોડીયા તળાવ પાળ તથા સાંઈબાબા મંદિર વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવા બાબતેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૦૦,૬૦૦/–પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

ડ્રે.ક.ઠ.નં.૧૧૮ / તા.ઃ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ રાખોડીયા તળાવ તથા સાંઈબાબા મંદિર વિસ્તારમાં મુખ્ય રસ્તા ઉપર ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે.આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.તેના માટે સુવિધા આપવા માટે નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ વાર્ષિક ટેન્ડર ૨૦૧૩–૧૪ ના ભાવથી બનાવવામાં આવતા, આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૦૦,૬૦૦/–અંકે રૂા.બે લાખ,છસો પુરા મંજુર કરવા જનરલ બોર્ડમે ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૬.

વિષયઃ– વો.વ.ક. ઠ.નં. ૨૫૯ / તા.ઃ૯–૧૨–૨૦૧૩ ની ભલામણ મુજબ,૧૨ માં નાણાંપંચની યોજના હેઠળ અબ્રામા સાઉથ વિસ્તારમાં પીવાના પાણીની લાઈન માટે આવતા ડી.આઈ.પાઈપો ટ્રકમાંથી નીચે ઉતારવા અંગેનાં ભાવ મંજુર કરવા બાબત..

ઠરાવ.ઃ–

વો.વ.ક. ઠ.નં. ૨૫૯ / તા.ઃ૯–૧૨–૨૦૧૩ ની ભલામણ મુજબ,૧૨ માં નાણાંપંચની યોજના હેઠળ અબ્રામા સાઉથ વિસ્તારમાં પીવાના પાણીની લાઈન નાંખવાની કામગીરી અન્વયે, ડી.આઈ.પાઈપો જીન્દાલ સો.લી. પાસેથી જરૂરીયાત મુજબનાં પાઈપો આવનાર હોય, જે પાઈપો ટ્રકમાંથી ક્રેઈન ધ્વારા નીચે ઉતારવાની જરૂરીયાત હોય જેથી સદર કામગીરી કરવા અંગે વો.વ.ક.ઠ.નં. ૨૦૪ / તા.ઃ૧૬–૯–૨૦૦૯ થી એક ટન અન લોડીંગ કરવાના રૂા.૧૫૦/– વિશ્વા ક્રેઈન–અબ્રામા,વલસાડનાં મંજુર થયેલ છે. સદર કામગીરી કરવા માટે વિશ્વા ક્રેઈને તા.ઃ૨/૧૨/૨૦૧૩ થી લેખીત સંમતી આપેલ હોય, જેથી સદર કામગીરી મંજુર થયેલ ભાવે વિશ્વા ક્રેઈન,અબ્રામા,વલસાડ પાસે કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૭.

વિષયઃ– ડ્રે.ક.ઠ.નં.૧૧૯ / તા.ઃ૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, શાલીમાર એપાર્ટમેન્ટ કોસંબા રોડ વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવા બાબતેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૧૮,૮૦૦/–પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

..૨૨..

ઠરાવ.:–

ડ્રે.ક.ઠ.નં.૧૧૯ / તા.:૬–૧–૨૦૧૪ ની ભલામણ મુજબ, વલસાડ શહેરમાં આવેલ શાલીમાર એપાર્ટમેન્ટ કોસંબા રોડ વિસ્તારમાં ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામાં આવેલ નથી,આ વિસ્તારમાં ગંદા તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.તેના માટે સુવિધા આપવા માટે નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનો એસ્ટીમેઈટ વાર્ષિક ટેન્ડર ૨૦૧૩–૧૪ ના ભાવથી બનાવવામાં આવતા, આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૦૦,૬૦૦/–અંકે રૂા.બે લાખ,છસો પુરા મંજુર કરવા જનરલ બોર્ડમે ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૮.

વિષયઃ– વલસાડ નગરપાલિકાનો સને. ૨૦૧૩–૨૦૧૪ નો તા.:૦૧–૦૪–૨૦૧૩ થી તા.: ૩૧–૧૨–૨૦૧૩ સુધીનો નવ માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૧૩–૨૦૧૪ નો તા.:૦૧–૦૪–૨૦૧૩ થી તા.: ૩૧–૧૨–૨૦૧૩ સુધીનો નવ માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર...

વ.કા. નં.–૧૯

વિષયઃ– સાર્વજનિક વિજય મંડળ, મોગરાવાડી, વલસાડ તરફથી સને–૨૦૧૪ ના વર્ષમાં સુવર્ણ જયંતિ મહોત્સવ ૫૦ મું વર્ષ ઉજવણી અંગેના કાર્યક્રમ અંતર્ગત " વિજય " અંક પ્રસિધ્ધ કરવા માંગે છે જેમાં નગરપાલિકાની જાહેરાત આપવા અંગેની માંગણી કરતી તા.:૧૮–૧૨–૨૦૧૩ ના રોજ આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,સાર્વજનિક વિજય મંડળ,મોગરાવાડી,વલસાડ સને–૨૦૧૪ ના વર્ષમાં સુવર્ણ જયંતિ મહોત્સવ ૫૦ મું વર્ષ ઉજવણી અંગે કાર્યક્રમ રાખનાર છે. સદર મંડળ ધ્વારા સાંસ્કૃતિક અને સામાજીક પ્રવૃતિઓ કરવામાં આવે છે. અને મંડળ ધ્વારા તાલુકા, જીલ્લા, અને રાજય કક્ષાએ ચંદ્રકો,ઈનામો મેળવેલ છે. સદર મંડળ સને ૨૦૧૪ ના વર્ષમાં ૫૦ મું વર્ષ પુર્ણ થતાં સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત " વિજય " અંક પ્રસિધ્ધ કરવા માંગે છે જેમાં નગરપાલિકાની શુભેચ્છા જાહેરાત આપવા અંગેની માંગણી કરતી તા.:૧૮–૧૨–૨૦૧૩ ના રોજ આવેલ અરજીને ધ્યાને લઈ, સાર્વજનિક વિજય મંડળ–મોગરાવાડી,વલસાડને " સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે શુભેચ્છા જાહેરાત " રૂા. ૨૦,૦૦૦/– અંકે રૂા. વીસ હજાર પુરાની મર્યાદામાં જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર...

વ.કા. નં.–૨૦

વિષયઃ– કલ્યાણ બાગની કંપાઉન્ડ વોલ તેમજ ગ્રીલને કલર કામ કરાવવાનું એસ્ટીમેઈટ રૂા.૪૮,૩૫૦ /– પુરાનો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, કલ્યાણ બાગની ફરતે આવેલ કંપાઉન્ડ વોલ તેમજ ગ્રીલને કલરકામ કરવાની જરૂરીયાત હોવાથી સદર કામગીરી કરાવવા માટેનો આવેલ એસ્ટીમેઈટની રકમ રૂા.૪૮,૩૫૦/– અંકે રૂા. અડતાલીસ હજાર, ત્રણસો પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૨૧

વિષયઃ– સીવીક સેન્ટર " જન સેવા કેન્દ્ર " મા ફલોરીંગ કામનું એસ્ટીમેઈટ રૂા.૧,૬૦,૫૦૦ /– પુરાનો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા કચેરીમાં સીવીક સેન્ટર બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.સદર કામગીરી કરવાની હોય સીવીક સેન્ટરમાં ફલોરીંગ વીટ્રી ફાઈડ ટાઈલ્સ બેસાડવાના કામનો આવેલ જરૂરી એસ્ટીમેઈટની રકમ રૂા.૧,૬૦,૫૦૦/– અંકે રૂા.એક લાખ,સાંઠ હજાર,પાંચસો પુરાનો આવેલ છે. જે મંજુર કરી કામગીરી કરાવવાનો થનાર ખર્ચ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. ..૨૩..



વ.કા. નં.–૨૨

વિષયઃ– ૧૨૦ આવાસ નવું વેજીટેબલ માર્કેટની પેરાપેટ વોલને મરામત એસ્ટીમેઈટ રૂા.૧,૬૦,૫૦૦ /– પુરાનો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, ૧૨૦ આવાસ ન્યુ વેજીટેબલ માર્કેટની પેરાપેટ વોલ જર્જરીત હોવાથી તૂટી પડેલ છે. જેને મરામત કરવાની તાકીદે જરૂરીયાત હોય સદર કામગીરી કરાવવા માટે જરૂરી એસ્ટીમેઈટની રકમ રૂા.૩,૩૪,૬૪૪/–અંકે રૂા.ત્રણ લાખ,ચોત્રીસ હજાર, છસો ચુમ્માલીસ પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૨૩

વિષયઃ– રામરોટી ચોકનું સર્કલ રીપેરીંગ તેમજ નવી કામગીરી કરાવવાનું એસ્ટીમેઈટ રૂા.૧,૬૦,૫૫૦ /– પુરાનો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, રામરોટી ચોકની સામે આવેલ સર્કલને રીપેરીંગ કરી તેમજ નવી કામગીરી કરવાની જરૂરીયાત હોવાથી સદર કામગીરી કરાવા માટે આવેલ જરૂરી એસ્ટીમેઈટની રકમ રૂા.૧,૬૦,૫૫૦/–અંકે રૂા.એક લાખ,સાંઠ હજાર,પાંચસો પચાસ પુરાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી ધર્મિન. પી. શાહ )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડ નગરપાલિકા.